
# મૂર્તિયોગ



રસબસ હોઈ રહી રસિયા સંગ, જ્યું મિસરી પય માંહી ભળી...



શ્રીજીપ્રસાદીભૂત કાલીતલાવડી તથા અબજીબાપાશ્રીની છતેડી



અબજીબાપાશ્રીની છતેડી–યાત્રીકો માટેના ઉતારા



અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રી સંસ્કારધામ




શ્રી સ્વામિનારાયણ વિદ્યાસંકુલ (ગુજરાતી / અંગ્રેજી માધ્યમ)



પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન


અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા




અનાદિમુક્ત
સદ્‌ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી

બાપાશ્રી સ્મૃતિસ્થાન, છતેડીધામ





અનાદિમુક્ત
સદ્‌ શ્રી વૃંદાવનદાસજી સ્વામી



અનાદિમુક્ત
સદ્‌ શ્રી નિર્ગુણાનંદ બ્રહ્મચારી

બાપાશ્રીનો પ્રત્યક્ષ જોગ કરી તેમના
દિવ્યજીવન અને દિવ્યવાણીને ગ્રંથસ્થ
કરી સમગ્ર સત્સંગ ઉપર મહદ્‌
ઉપકાર કરનાર સમર્થ સદ્‌ગુરૂશ્રીઓ



અનાદિમુક્ત
સદ્‌ મુનિસ્વામીશ્રી કેશવપ્રિયદાસજી

(ચૈત્ર સુદ - ૩, સં. ૧૯૭૧, તા. ૧૮-૩-૧૯૧૫ ચરણારવિંદ પ્રતિષ્ઠા પ્રસંગે)

'આ છતેડી તથા આ સ્થાનના, જે દેવ તથા મનુષ્ય દર્શન કરશે
અને ઉપર થઈને પક્ષી પણ ઉડીને જશે
તે સર્વેનો અમે આત્યંતિક મોક્ષ કરીશું અને શ્રીજીમહારાજની મૂર્તિમાં લઈ જશું.'

– બાપાશ્રી




**Shri Abjibapani Chhatedi**

P.O. - Baladia, Dist. Bhuj - Kutch,
Pin : 370 427
Phone : 02832 - 282253 / 282553
E-mail : abjibapachhatedi@gmail.com
abjibapachhatedi@yahoo.com
Web : www.abjibapanichhatedi.org

॥ શ્રી સ્વામિનારાયણાય નમઃ ॥

# મૂર્તિયોગ

## સર્વ સાધનનું ફળ શ્રીજીમહારાજની મૂર્તિ છે

-બાપાશ્રી

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપાશ્રી

સ્થાપિત શ્રી હરિ ચરણારવિંદ શતાબ્દિ કૃપાવર્ષા મહોત્સવ ઉપક્રમે

**: પ્રકાશક :**

શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર ટ્રસ્ટ

બળદિયા, ભુજ-કચ્છ.

# મૂર્તિયોગ

**પ્રેરક :**

પ.પૂ. અ.મુ. શ્રી જાદવજીબાપા તથા પ.પૂ. અ.મુ. શ્રી નારાયણમામા

**પ્રકાશક :**

શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર ટ્રસ્ટ

બળદિયા, ભુજ–કચ્છ.

© સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન છે.

**આવૃત્તિ :** પ્રથમ પ્રત, ૫૦૦૦, તા. ૦૩-૧૧-૨૦૧૪

**પ્રકાશન તિથિ :** બાપાશ્રી પ્રાગટ્યદિન, (પ્રબોધિની એકાદશી)

કારતક સુદ - ૧૧, સં. ૨૦૭૧

**સેવામૂલ્ય :**

રૂા. : ૧૦/-

**પ્રાપ્તિસ્થાન :**

૧) શ્રી અબજીબાપાની છતેડી, બળદિયા - કચ્છ.

૨) શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન, નારણપુરા - અમદાવાદ

૩) શ્રી સ્વામિનારાયણ મંદિર, સરસપુર - અમદાવાદ

૪) શ્રી સ્વામિનારાયણ મંદિર, જોરાવરનગર - સુરેન્દ્રનગર

૫) શ્રી કુમાર રામકૃષ્ણ સોમૈયા - મુંબઈ

૬) શ્રી રાકેશભાઈ વશરામભાઈ પટેલ - સુરત

**મુદ્રણ :**

સ્વસ્તિક ઓફસેટ, ભુજ - કચ્છ.

# પ્રાક્ કથન

જય સ્વામિનારાયણ,

શિક્ષાપત્રીમાં શ્રીજીમહારાજે વિશ્વના તમામ ધર્મોનું તત્ત્વ સમાવી લીધું છે. એટલું જ નહિ પણ સમગ્ર તત્ત્વોનું પણ તત્ત્વ સર્વોપરી એક જ ભગવાન છે, જે સર્વ અવતારના કારણ છે એ જણાવી દીધું. એ ભગવાન એટલે સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન એવું શ્રીમુખવાણી વચનામૃતના અભ્યાસી અને સંતસમાગમ કરનાર સત્સંગી નિઃશંકપણે જાણે છે. જેમણે શ્રી સ્વામિનારાયણ ભગવાનને સર્વોપરી, સર્વકારણના કારણ સ્વીકાર્યા છે અને એ સ્વરૂપને વિષેજ અનન્ય નિષ્ઠા છે તેમને આ લઘુપુસ્તિકા એ દિવ્ય મૂર્તિમાં જોડાવા માટે ખૂબ મદદરૂપ થશે. તેથી જ આ પુસ્તકનું નામ 'મૂર્તિયોગ' રાખવામાં આવ્યું છે.

'મૂર્તિયોગ' એટલે સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિમાં રસબસભાવે જોડાઈ જવાનો યોગ. શ્રી સ્વામિનારાયણ ભગવાને પંચાળાના ૧લા વચનામૃતમાં કહ્યું છે, ''પશુ, મનુષ્ય, રાજા , દેવતા, ઈન્દ્ર, ઈશ્વર તથા વૈકુંઠ, ગોલોકાદિક ધામના સુખથી અક્ષરધામનું સુખ અતિ અધિક છે.'' અને એમ પણ કહ્યું, ''જેવું ભગવાનનાં ધામમાં પંડે

ભગવાનમાં સુખ છે તેવું કોઈને વિષે નથી.'' સદ્શ્રી ગોપાળાનંદ સ્વામીએ પણ તેમની વાતોમાં કહ્યું છે, '' મૂર્તિમાં અતિ પ્રેમલક્ષણા ભક્તિએ કરીને સ્નેહ કરવો અને અક્ષરના સુખમાં ન લેવાય, મૂર્તિએ કરીને ગુલતાન રહે.'' જીવોને એ સુખનો અનુભવ કરાવવા માટે જ અનાદિમુક્તરાજ શ્રી અબજીબાપાનું પ્રાગટ્ય હતું. એમની વાતોમાં એ જ વાત મુખ્ય હતી, જે બાપાશ્રીની વાતોનું અમૃતપાન કરનારને જણાયું છે.

બાપાશ્રીની વાતોના એ અમૃતવચનોનું વિષયવાર સંકલન કરી આ 'મૂર્તિયોગ' લઘુ પુસ્તિકા તૈયાર કરી છે. આ ઝડપી યુગમાં જે સત્સંગીને ગ્રંથો વાંચવાનો બહુ સમય નથી તેઓ નિત્યપૂજામાં શિક્ષાપત્રીની સાથે સાથે આ 'મૂર્તિયોગ' વાંચશે તો ચોક્કસ તેમના જીવનમાં કારણ સત્સંગ અર્થાત્ મૂર્તિનો રંગ લાગ્યા વિના નહિ રહે. માટે સહુ સત્સંગી નિત્યપૂજામાં 'મૂર્તિયોગ' વાંચી મહારાજ-બાપાની પ્રસન્નતા મેળવે એવી અમારી નમ્ર પ્રાર્થના છે.

**સદ્. શ્રી સ્વયંપ્રકાશદાસજી સ્વામી**
**છતેડી ધામ, બળદિયા-કચ્છ.**

બાપાશ્રી પ્રાગટ્યદિન (પ્રબોધિની એકાદશી)
કારતક સુદ-૧૧, સં. ૨૦૭૧
તા. ૦૩-૧૧-૨૦૧૪

# આસ્વાદ


૧. શ્રીજીમહારાજ મહિમા .... ૧
૨. સંત–મુક્ત મહિમા ....... ૯
૩. સત્સંગ મહિમા .......... ૨૦
૪. ધર્મ ...................... ૨૯
૫. જ્ઞાન ..................... ૪૦
૬. વૈરાગ્ય .................. ૫૩
૭. ભક્તિ .................. ૫૯
૮. અંતરદૃષ્ટિ–ધ્યાન ........ ૬૪
૯. દિવ્યભાવ ............... ૭૧
૧૦. કૃપાળુની કૃપા ........... ૭૭
૧૧. પ્રસન્નતાના પુષ્પો ........ ૮૮

# અર્પણ

સ્વામિનારાયણ મહાપ્રભુ જેહ,
અનંતકોટિ મુક્તના સ્વામી તેહ;
એહ સ્વરૂપનું જ્ઞાન જેહ,
સર્વોપરિ પ્રવર્તાવ્યું તેહ;
કૃપા કરી અતિ ભારી,
દિવ્ય દૃષ્ટિએ સૌને નિહાળી;
અગમ સુગમ કરી દીધું,
સ્હેજે મૂર્તિનું સુખડું દીધું;
મોક્ષનું સદાવ્રત કીધું જાતે,
કૃપા કરી અબજી તાતે;
કરીએ અર્પણ ગ્રંથ અનુપ,
તવ ચરણમાં સુખરૂપ.



અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા

* ભગવાનના સ્વરૂપનું જે પ્રતિપાદન કરે તથા તે ભગવાનનાં જે ધામ, ગુણ અને ઐશ્વર્ય તેનું પ્રતિપાદન કરે તથા તેના ચરિત્રનું વર્ણન કરે તથા આત્મા-અનાત્માનો વિવેક કરી દેખાડે તથા જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ તેના ભેદને પૃથક્ પૃથક્ કહી દેખાડે, એવી જે વાણી તેને પરાવાણી કહીએ.

*(શ્રીમુખવાણી વચનામૃત સારંગપુર-૬)*

* આ મુક્ત શ્રીજીમહારાજના વેદ છે; તેમના મુખથી વચન નીકળે તે વેદ સમજવા. તે શ્રીજીમહારાજની ઉપાસના સમજાવે છે અને શ્રીજીમહારાજની પ્રાપ્તિ કરાવે છે. આ તો પરભાવના વેદ છે.

*(બાપાશ્રીની વાતો - ૧/૧૦૨)*

# ૧. શ્રીજીમહારાજ મહિમા

## શ્રીમુખવાણી

* આ સત્સંગને વિશે ભગવાન વિરાજે છે તે જ ભગવાન માંથી ચોવીસ અવતાર થયા છે ને પોતે તો અવતારી છે ને એ જ સર્વે જીવોના અંતર્યામીરૂપ છે ને એ જ અક્ષરધામને વિષે તેજોમય છે ને સદા સાકારરૂપ છે ને અનંત ઐશ્વર્યયુક્ત છે ને એ જ રાજાધિરાજ અનંત બ્રહ્માંડના છે ને અક્ષરબ્રહ્મના પણ કારણ છે. *(અમદાવાદ-૬)*
* તેજને વિષે એક ભગવાનની મૂર્તિ દેખાય છે તે અતિ પ્રકાશમય છે અને તે મૂર્તિ ઘનશ્યામ છે તો પણ અતિશય તેજે કરીને શ્યામ નથી જણાતી, અતિશય શ્વેત જણાય છે. અને તે મૂર્તિ દ્વિભુજ છે અને તે મૂર્તિને બે ચરણ છે અને અતિશય મનોહર છે અને અતિ સૌમ્ય છે અને મનુષ્યના જેવી આકૃતિ છે. એ મૂર્તિને ચારે કોરે મુક્તના મંડળ ભરાઈને બેઠા છે તે સર્વે મુક્ત છે તે એક નજરે તે ભગવાનની મૂર્તિ સામું જોઈ રહ્યા છે. અને એ જે એકરસ

તેજ છે તેને આત્મા કહીએ તથા બ્રહ્મ કહીએ ને અક્ષરધામ કહીએ, અને એ પ્રકાશને વિષે જે ભગવાનની મૂર્તિ છે તેને આત્માનું તત્ત્વ કહીએ તથા પરબ્રહ્મ કહીએ તથા પુરૂષોત્તમ કહીએ. અને જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણજો. અને આ વાતને નિત્યે નવી ને નવી રાખજો પણ ગાફલપણે કરીને વિસારી દેશો મા. અને જે જે ભગવાનની વાત કરો તે તે વાતને વિષે આ વાતનું બીજ લાવજ્યો એમ અમારી આજ્ઞા છે. અને આ જે અમે તમને વાત કહી તે સર્વે શાસ્ત્રનો સિદ્ધાંત છે ને અનુભવમાં પણ એમ જ દૃઢ છે. અને અમે પ્રત્યક્ષ નજરે જોઈને તમને આ વાત કહી છે. અને અમે પ્રત્યક્ષ જોઈને ન કહી હોય તો સર્વે પરમહંસના સમ છે. *(ગઢડા – મધ્ય – ૧૩)*

* પ્રગટ પ્રમાણ મનુષ્યાકારે દેખાય છે એ જ ભગવાનનું સદાય મૂળ સ્વરૂપ છે અને નિર્ગુણપણું અને સગુણપણું એ તો એ મૂર્તિનું કોઈક અલૌકિક ઐશ્વર્ય છે. *(કારીયાણી-૮)*

# શ્રી અબજવાણી

૧. મહાપ્રભુની મૂર્તિ તથા મૂર્તિનું સુખ તથા મુક્ત એ સત્ય છે ને સર્વે મૂર્તિમાં છે પણ મૂર્તિથી બહાર નથી.

૨. શ્રીજીમહારાજની મૂર્તિના સુખનો આહાર કરે તે સંત કહેવાય.

૩. ભગવાન ને ભગવાનના મુક્તની સેવા જેવું કોઈ સાધન નથી.

૪. જેમ જળ પોતે ઊંડુ લઈ (ખેંચી)જાય છે. તેમ પુરૂષોત્તમ નારાયણની ખૂશ્બો છે તે મૂર્તિમાં ખેંચે છે.

૫. મહારાજને સંભારશો તો સદ્ગુરૂ થાશો અને મૂકશો તો કોઈ ભાવ નહિ પૂછે.

૬. ભક્તિ, સેવા આદિ કરીએ તેમાં મહારાજ ભેળાનેભેળા જ રહે તેવી રીતે કરવી.

૭. મહારાજની મૂર્તિમાંથી અનુભવજ્ઞાન છૂટે છે તે મૂર્તિમાં ખેંચીને લઈ જાય છે.

૮. મૂર્તિ ભૂલીને એકલું કાર્ય સંભારે તો તે કણ ફગાવીને કુશ્કા રાખ્યા જેવું છે.

૯. શ્રીજીમહારાજ વિના બીજું જોવાની ઈચ્છા રહે તો મોટી ખોટ કહેવાય અને નાસ્તિકભાવ કહેવાય.

૧૦. ત્રણે અવસ્થામાં મૂર્તિને વિષે નિષ્ઠા નથી આવતી તેને ઘણી ખોટ આવે છે અને તે મોટી ભૂલ છે.

૧૧. માળામાં જેમ દોરો સળંગ છે તેમ માન, અપમાન, જાગૃત, સ્વપ્ન વગેરેમાં મૂર્તિ મુખ્ય રાખવી.

૧૨. ભગવાનના ભક્તને અનેક પ્રકારની વ્યાવહારિક ક્રિયાઓ તથા ભક્તિમાર્ગની ક્રિયાઓ ભગવાનને ભૂલીને કરવી નહિ.

૧૩. મહારાજની મૂર્તિમાં સર્વે સુખ છે, મૂર્તિને મૂકીને ક્યાંય સુખ નથી. બીજે સુખ મનાય છે તે જ અજ્ઞાન છે.

૧૪. જીવને માયિક વસ્તુની કિંમત છે અને શ્રીજીમહારાજ તથા અનાદિની કિંમત નથી તે નાસ્તિકભાવ કહેવાય.

૧૫. મૂર્તિ મૂકીને શાસ્ત્ર ભણે, કથા કીર્તન કરે તો પણ તે દિનકઢણી છે.

૧૬. મૂર્તિ અને મૂર્તિના સુખભોકતાનો મહિમા સમજે તો કલ્પે કલ્પ વીતી જાય તો પણ સુખ આવતું જ રહે, કયારેય પૂર્ણ ન થવાય.

૧૭. શ્રીજીમહારાજની મૂર્તિ વિના સર્વે ખોટું કરી નાખવું.

૧૮. શ્રીજીમહારાજની મૂર્તિ વિના અન્ય પદાર્થમાં રૂચિ તે જ મંદવાડ છે. શ્રીજીમહારાજની મૂર્તિમાં જ સુખ છે, બીજે બધે રોગી (નકરી) વાની ઉડે છે.

૧૯. સત્સંગની સર્વે ક્રિયામાં મહારાજને ધણી રાખવા પણ પોતે ધણી થાવું નહિ. મહારાજને જે વખત ભૂલી જવાય તે વખતે વાંઝીયો કહેવાય.

૨૦. મૂર્તિથી ઓરું જે જે સુખ છે તે ગુંદાના ઠળિયા જેવું છે.

૨૧. દેહ રાખવાનું તાન છે તેટલું જો મૂર્તિનું જતન કરે તો મૂર્તિ સાક્ષાત્ દેખાય.

૨૨. આ તો અનંત રાજાઓના રાજા માંહી બેઠા છે. તે ભગવાનને મૂકીને બીજે મન લોભાવા દેવું નહીં.

૨૩. અનાદિમુક્ત મૂર્તિનું સુખ લઈ સત્સંગમાં પ્રવર્તાવે છે અને સુખનો વરસાદ વરસાવે છે. આપણે તો મૂર્તિના સુખના પારણાં કરવા, મૂર્તિના સુખનો જ આહાર કરવો.

૨૪. સ્વામિનારાયણ ભગવાન અને સંત તે અનંતકોટી બ્રહ્માંડોમાં ન મળે તે આજ મળ્યા છે.

૨૫. આપણે તો મહારાજ પ્રગટ થયા ત્યારથી આત્યંતિક કલ્યાણની શરદઋતુ બેઠી છે.

૨૬. જો કોઈ પોતાનું સર્વસ્વ મહારાજને અર્પણ કરે તો તેને મહારાજ પોતાનું સર્વસ્વ અર્પણ કરે છે, પછી મૂર્તિ વિના બીજો ઘાટ જ ન થાય.

૨૭. ચમક લોઢાને ખેંચે તેમ મહારાજ, પોતાના થયા હોય તેને પોતાની મૂર્તિમાં ખેંચી લે છે.

૨૮. જે સ્વામિનારાયણના થાય તેની ખબર સ્વામિનારાયણ રાખે છે.

૨૯. જેમ કાળા નાગની ફેણ ચંદનને વીંટાવાથી વીખ જતું રહે, તેમ મહારાજને વિષે દિવ્યભાવે જોડાવાથી માયા જતી રહે અને દિવ્ય થઈ જવાય છે.

૩૦. સર્વે સાધનનું ફળ શ્રીજીમહારાજની મૂર્તિ છે.

૩૧. મહારાજની મૂર્તિ વિના બીજું વર્ણન છે તે તો નાવ વિના સમુદ્રમાં પડયા જેવું છે.

૩૨. કોણ પીરસે છે ને કોણ સુખ આપે છે એ જોવું, આ તો દિવ્ય મુક્ત, દિવ્ય મહારાજ સર્વે સાથે મળ્યું છે.

૩૩. ઝાડ, પહાડ, વૃક્ષ, વેલી આદિ જે જે મહારાજ તથા

મોટા મુક્તની દૃષ્ટિએ પડે તેનાં પણ ધન્ય ભાગ્ય.

૩૪. સમાધિ, તેજ, ઐશ્વર્ય, સામર્થી, ધામ એ આદિક જોવા ઈચ્છે તે સકામ માર્ગ છે અને તેમાં વિઘ્ન છે કેમ જે એને કાંઈક ધક્કો લાગે ખરો. જે મૂર્તિમાં જોડાય અને બીજું કાંઈ ન ઈચ્છે તે નિષ્કામ છે અને એને સ્વરૂપ સમાધિ કહેવાય અને તેને કોઈ વિઘ્ન પણ ન થાય.

૩૫. ગમે તેવો વિષમ દેશકાળ હોય પણ જો શ્રીજીમહારાજને અને મુક્તને સાથે રાખે તો એનો ભાર નહિ જે એ વિષમ દેશકાળ નડી શકે.

૩૬. શ્રદ્ધા સહિત શ્રીજીમહારાજના વચન પાળવા માંડે તે જેમ જેમ પાળતો જાય એટલે વચનમાં વર્તતો જાય તેમ તેમ અંતરમાં સિદ્ધતા થતી જાય છે અને બ્રહ્મભાવને પામતો જાય અને સાક્ષાત્ શ્રીજીમહારાજના સુખનો અનુભવ થાય ત્યારે મહિમા જણાય છે.

૩૭. સર્વ ઠેકાણે મહારાજનું કર્તાપણું સમજવું પણ માયા, કર્મ, સ્વભાવ, કાળ, બ્રહ્મ, અક્ષર એ કોઈનું કર્તાપણું ન સમજવું. જો વિપરીત દેશ, કાળ, સંગાદિક તથા રાજાનો ઉપદ્રવ થાય અથવા કોઈ મરે ત્યારે કાળે કર્યુ એમ જાણે તો તેણે શ્રીજીમહારાજને કાળ જેવા જાણ્યા

એવી રીતે માયા, કર્મ ને સ્વભાવનું જાણવું.

૩૮. ભગવાન ઓળખવા એ કાંઈ સુગમ વાત નથી એ તો ભગવાન દયા કરે ત્યારે જ ઓળખાય .

૩૯. મહારાજનું સુખ અપાર છે. એ સુખની બ્રહ્મકોટી કે અક્ષરકોટીમાં કોઈ ઉપમા દેવાય એવું નથી. એ સુખમાં પહોંચ્યા કેડે ધામનું સુખ તે શું? અને મુકતકોટીનું સુખ તે પણ શું? એવું મૂર્તિનું સુખ છે.

૪૦. સર્વકર્તા મહારાજને જાણે તો તેનું પ્રારબ્ધ મહારાજ પોતે જ છે તો પણ ભૂંડા દેશ-કાળમાં ન રહેવું.

૪૧. જેવડા મહારાજને અને મુક્તને જાણશો તેવા થાશો. આ પ્રાપ્તિ કોઈને મળી નથી.

૪૨. કયાં અનંતકોટી બ્રહ્માંડના પતિ ને કયાં પામર જેવા જીવ! આ તો ન બનવાની વાત બની ગઈ છે.

૪૩. બ્રહ્માંડ વસ્યું તોય શું! અને ન વસ્યું તોય શું! ભગવાનના સુખ આગળ અને ભગવાન આગળ બ્રહ્માંડોની ગણતરી બહિર્ભૂમિ ગયા જેવું છે.

૪૪. સર્વેમાંથી આસક્તિ ટાળીને મહારાજમાં જોડાવું. દેશ-પરદેશમાં ફરવું અને રમવું તે સર્વે મૂકી દેવું.

# ૨. સંત - મુક્ત મહિમા

## શ્રીમુખવાણી

* પરોક્ષ અવતાર અને પરોક્ષ સાધુ તેનું જેવું માહાત્મ્ય જીવ જાણે છે તેવું જ પ્રત્યક્ષ એવા જે ભગવાન તથા તે ભગવાનના ભક્ત સાધુ તેનું માહાત્મ્ય સમજે તેને કલ્યાણના માર્ગમાં કાંઈએ સમજવું બાકી રહ્યું નહિ. તે આ વાર્તા એકવાર કહ્યે સમજો અથવા લાખ વાર કહ્યે સમજો. આજ સમજો અથવા લાખ વર્ષ કેડે સમજો પણ એ વાત સમજે જ છૂટકો છે. *(ગઢડા મધ્ય - ૨૧)*

* ધર્મનિયમે યુક્ત એવા જે તમ જેવા સાધુ તેની તો વાત જ નોખી છે. તે હેતુ માટે તમને જે કોઈ ભાવે કરીને જમાડશે તેને કોટી યજ્ઞનું પુણ્ય થશે, ને તે મોક્ષને પામશે. અને તમારા ચરણનો જે કોઈ સ્પર્શ કરશે તેના કોટી જન્મનાં પાપ નાશ પામશે ને તમને ભાવે કરીને વસ્ત્ર ઓઢાડશે તેનું પરમ કલ્યાણ થાશે અને તમે જે જે નદી-તળાવને વિષે

પગ બોળો છો તે સર્વે તીર્થરૂપ થાય છે અને તમે જે વૃક્ષ તળે બેઠા હો ને જે વૃક્ષનુ ફળ જમ્યા હો તે તે સર્વનું રૂડું થાય છે ને તમારા ભાવે કરીને દર્શન કરે છે અને તમને ભાવે કરીને નમસ્કાર કરે છે તેના સર્વ પાપનો ક્ષય થાય છે. ને વળી તમે જેને ભગવાનની વાત કરો છો અને કોઈને ધર્મ સંબંધી નિયમ ધરાવો છો તેનો મોક્ષ થાય છે. ઈત્યાદિ ધર્મ નિયમવાળા તમ જેવા સંતની સર્વ ક્રિયા કલ્યાણરૂપ છે. *(જેતલપુર-૪)*

* પોતાને ચૈતન્યરૂપ માનવું અને સ્વધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય તેણે સહિત ભગવાનની ભક્તિ કરે અને એક ભગવાન વિના બીજા કોઈ પદાર્થની વાસના રાખે નહિ એવા સાધુ જ્યારે ભગવાનના ધામને પામે છે ત્યારે અનંતકોટી બ્રહ્માંડના પતિ જે બ્રહ્માદિક ઈશ્વર તે ભગવાનને અર્થે જેમ અનંત પ્રકારની ભેટ-સામગ્રીઓ લાવે છે, તેમ એ સાધુને અર્થે પણ લાવે છે અને ભગવાનને પ્રતાપે કરીને એ સાધુ અલૌકિક ઐશ્વર્ય સામર્થીને પામે છે. *(ગઢડા મધ્ય- ૨ ૨ )*

# શ્રી અબજવાણી

૧. જ્યાં મોટા મુક્ત રહેતા હોય તે નૈમિષારણ્યક્ષેત્ર કહેવાય. ત્યાં ધ્યાન-ધારણા જે જે કરે તે થોડુ કરે તો પણ ખરેખરી શાંતિ થાય.

૨. મોટા અનાદિમુક્ત શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ પ્રવર્તાવે છે. અનેક મનવારો ભરી અક્ષરધામમાં મોકલાવે છે. એવા મોટા મુક્તનો જોગ કરીએ તો નિઃસંશય થવાય.

૩. અનાદિમુકત નહાતા હોય તે પાણી મહિમા સહિત માથે ચડાવે તો તેના પંચ મહાપાપ બળી જાય.

૪. પારસ, ચિંતામણી, કલ્પતરુ તે પાસેથી જેટલુ ચિંતવે તેટલુ મળે. તેમ મોટા અનાદિ સાથે જીવ બાંધે એટલે ચિંતવે તેટલું સુખ પ્રાપ્ત થાય.

૫. ખરો અધિકાર તો સંતના ચરણમાં રહીએ તે છે.

૬. નાના હોય તેનો મહિમા આપણે સમજીએ તેમાં ખોટ નથી. પણ મોટાને નાના સમજાય તો ખોટ રહી જાય.

૭. ભગવાન ભજી લેવા અને સત્સંગ દિવ્ય સમજવો. મોટા

મુક્તનો ખપ કરવો. મોટાને તો એક ભગવાન જ જીવન હોય તેમને ઓળખવા.

૮. મુક્તના જોગ વિના અંતર ખુલ્લા કરી શકે એવું કોઈ સાધન કે વિધિ નથી.

૯. શ્રીજીમહારાજનું સુખ છે તે મોટા મુક્ત ચાલતાં (સ્હેજે) આપી દે છે. મોટા મુક્તની સેવા ને સમાગમ કરવાથી મહારાજની મૂર્તિરૂપી ફળની પ્રાપ્તિ થાય છે.

૧૦. આજ મોટા અભયદાન આપે છે તે સર્વે આવરણ ટાળીને મહારાજની મૂર્તિમાં બેસારી દે છે.

૧૧. શ્રીજીમહારાજને અંતર્યામી જાણે અને મોટા અનાદિને અંતર્યામી ન જાણે તે અર્ધો નાસ્તિક કહેવાય.

૧૨. શ્રીજીમહારાજ મુક્ત દ્વારે ક્રિયા કરે છે એવું જેને જણાણું હોય તેને મુક્તની બધી ક્રિયા દિવ્ય લાગે.

૧૩. જેને સ્વામિનારાયણ મળ્યા તેને આ લોકની મોટપ તથા આબરૂનું કામ નથી, તેને તો મુક્તનો ખપ કરવો જોઈએ.

૧૪. આ સત્સંગમાં પૃથ્વીલોકના, ગોલોકના અને અક્ષરના મુક્ત છે, પણ અનાદિમુક્ત ભેળા જવાનો છેલ્લો ઠરાવ રાખવો.

૧૫. જેમ ચાર યુગ (સત્, ત્રેતા, દ્વાપર, કળિ)ના જુદા જુદા ફળ છે તેમ અનાદિના યોગે ભાગવતીતનુરૂપ ફળની પ્રાપ્તિ થાય છે.

૧૬. શ્રીજીમહારાજના મુક્તને મહારાજથી પૃથક્ જે જે ઉપમા દેવાય તે અધૂરી છે.

૧૭. મોટાનો જોગ-સમાગમ કરવાથી મોટા મુક્ત જીવને પોતાના જેવા કરે છે.

૧૮. લાંબી અવધિએ મોક્ષ થાય તો મોટા મળ્યા તેનું ફળ શું? માટે મોટા મુક્ત મળ્યા તેને જન્મ ધરવો પડતો નથી.

૧૯. સ્થાવર તીર્થ વિષયી અને પામર માટે છે, તે સ્મૃતિ કરાવે અને સંત તથા અનાદિમુક્ત જંગમ તીર્થ છે તે માયા પર કરી મૂકે.

૨૦. અનાદિમુક્ત તો મહારાજના સંકલ્પ ભેળો સંકલ્પ મેળવીને અનેક જીવને સુખિયા કરી મુકે છે તેની જીવને શું ખબર પડે?

૨૧. શ્રી પુરુષોત્તમનારાયણના અનાદિમુક્ત પુરુષોત્તમરૂપ છે. તેથી એ દ્વારે સર્વે ક્રિયા શ્રીજીમહારાજ કરે છે.

૨૨. મોટા મુક્તના સંકલ્પો તો કરોડો બ્રહ્માંડોને ધામમાં લઈ જાય એવા બળવાન છે.

૨૩. આજ તો સનાતન મહારાજ અને સનાતન મુક્ત મળ્યા છે. તેમની બરાબર બીજુ કોઈ છે જ નહિ.

૨૪. મહારાજ અને મોટા મુક્ત સાથે રસબસ થઈ રહેવું. કલ્યાણમાં ફેર પડે તો તેના જોખમદાર અમે છીએ.

૨૫. ક્યાં મહારાજ અને અનાદિમુક્ત! તેમનું પ્રમાણ અવરભાવવાળા શું કરી શકે!

૨૬. બીજી સભાઓના મુક્તોથી તથા તેમના સ્વામીઓથી પણ આ સત્સંગમાં શ્રીજીમહારાજના મુક્ત વિશેષ છે. મૂળઅક્ષરને પણ આ મુક્તના દર્શન નથી તે તમને મળ્યા છે.

૨૭. મહારાજ અને અનાદિમુક્ત અરસપરસ, જળ-તરંગવત્ છે.

૨૮. અનાદિના સંકલ્પે મૂર્તિ મળે છે. આપણે તો મહારાજ અને મોટાના ખોળામાં મસ્તક મૂકી દેવું.

૨૯. કેવડા મહારાજ ને કેવડા અનાદિમુક્ત! આ તો ભારે વાત બની ગઈ છે. એવા જોગમાં હારી જવું નહીં.

૩૦. જેટલા ભગવાનના અવયવ તેટલા મુક્તના અવયવ.

૩૧. મોટા મુક્ત છે તે તો અનંત જન્મનું જાણે છે અને અનંતકોટી બ્રહ્માડમાં જ્યાં જ્યાં અવતાર થાય છે તેનું

પણ જાણે છે, પણ શ્રીજીમહારાજની મરજી પ્રમાણે જ બોલે અને લાભનો જ વેપાર કરે.

૩૨. ભગવાનનો ભક્ત અનાદિમુક્તના સમાગમ સેવાએ કરીને શ્રીજીમહારાજના સુખને શ્રીજીરૂપ થઈને ભોગવે છે ત્યારે એને કોઈ વાતની અપેક્ષા રહેતી નથી. સર્વે ઈચ્છાઓ પરિપૂર્ણ થાય છે.

૩૩. આજ મુક્ત દ્વારે શ્રીજીમહારાજ સત્સંગમાં સુખ આપે છે. માટે જીવે કલ્યાણ માટે મોટાના વેચાણ થઈ રહેવું.

૩૪. સાધનદશાવાળા ખાય, પીએ, સૂએ, બેસે તે બધું દેહને આધીન થઈને થાય છે તેમ મુક્તની બધી ક્રિયા મહારાજને આધીન છે.

૩૫. જેમ પીરસનાર વગર ભોજન જમાતું નથી તેમ મુક્ત વિના મહારાજની વાત સમજાતી નથી.

૩૬. મુક્તના શબ્દો લોકમાં કે શાસ્ત્રમાં મળતા ન આવે પણ એ શબ્દ મુદ્દાના હોય માટે શાસ્ત્રની સાખ્ય ન લેવી કેમ કે શ્રીજીમહારાજ એવા મુક્તમાં રહીને બોલે છે.

૩૭. આગળ સદ્ગુરુ ગોપાળાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, શુકસ્વામી ભેગા બેસીને સમાગમ

કરતા. તેના વંશનાં આપણે છીએ માટે સમાગમ કરી લેવો.

૩૮. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ એ ચાર સ્વરૂપ સત્પુરૂષના સમાગમે પમાય છે પણ તે વિના શાસ્ત્રમાંથી પોતાની માયિક બુદ્ધિએ કરીને પમાતું નથી. શાસ્ત્રતો દિશ બતાવે છે પણ મોટા મળે ત્યારે વાસ્તવિક સમજાય. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તે મહારાજની તથા અનાદિમુક્તની શક્તિઓ છે તે સત્પુરૂષના સમાગમે કરીને જીવને વિષે આવે છે ત્યારે જીવાત્માને મુક્ત કરે છે.

૩૯. આજ સત્સંગમાં મોટા મુક્ત છે તેમાં કોઈ કથા-વાર્તા કરીને સુખ આપે એવા હોય અને કોઈક દર્શન માત્રે સુખ આપે એવા હોય.

૪૦. લક્ષ્યાર્થ જ્ઞાન શ્રીજીમહારાજના પરમએકાંતિક તથા અનાદિમુક્તના જોગે કરીને થાય છે.

૪૧. મોટા મુક્ત હોય તેમને તો કોઈના દોષ જોવામાં આવતા નથી. જેને મૂર્તિનું સમીપપણું નથી તેને બીજામાં દોષ દેખવામાં આવે છે.

૪૨. અનાદિમુક્ત મૂર્તિમાં રસબસ રહયા થકા પુરુષોત્તમના સંકલ્પે અહીં દેખાય છે. એવા મોટા અનાદિની પાસે આ લોકનું કાંઈ માગવું નહીં.

૪૩. મહારાજ અને મોટા મુક્ત પ્રસન્ન થઈને માયાના પડદા ટાળી નાખે ત્યારે મૂર્તિ દેખાય પણ મહારાજને કે જીવને આવવું-જવું પડતું નથી.

૪૪. અનાદિમુક્ત મૂર્તિમાં જોડાઈ રહયા છે. મૂર્તિરૂપ છે, તોપણ સ્વામી-સેવક ભાવ દૃઢ રહે છે.

૪૫. અનાદિમુક્તને મૂર્તિના સુખમાં કયારેય પાર પામવાપણું નથી. સદાય અપારને અપારપણું છે.

૪૬. હજારો સાધનિક હોય તે એક અનાદિમુક્તની તુલ્ય ન થાય એવી અનાદિમુક્તની અલૌકિક સામર્થી છે.

૪૭. મોટા મુક્ત સર્વે ક્રિયા કરતા થકા અકર્તા છે.

૪૮. શ્રી પુરુષોત્તમની મૂર્તિમાંથી અનંત, અપાર સુખ ઉત્પન્ન થઈ મહા અનાદિમુક્ત દ્વારે સત્સંગમાં ફેલાય છે. તેના જેટલા જે અધિકારી પાત્ર હોય તેટલું સુખ તેમાં રહે છે, બાકીનું શ્રીજીમહારાજની મૂર્તિને વિષે લીન થઈ જાય છે.

૪૯. સંતના જોગે ભગવાન ઓળખાય. તે વિના સર્વોપરી ભગવાન પ્રત્યક્ષ વિચરતા હોય તો પણ ઓળખાય નહિ.

૫૦. મોટાનો જોગ ન ઓળખાણો હોય તે વ્રત, જપ, આદિક ઘણા સાધન કરે તો પણ તેને બાકી રહે છે. મોટાના જોગવાળાને થોડા સાધન હોય તો પણ તેને મોટી પ્રાપ્તિ થાય છે.

૫૧. સાધન દશાવાળા જપ, તપ, કથા, કીર્તન, સેવા આદિ બહુજ કરે એમ તેમનો ઉદ્‌ઘોષ બહુ જણાય અને સિદ્ધદશાવાળા તો મૂર્તિમાં રમૂજ કર્યા કરે ને મૂર્તિના સુખમાંજ ગુલતાન હોય, તેથી કથા, વાર્તા, જપ, તપ બહુ કરતા ન દેખાય તે કયાંથી ઓળખાય? માટે મુક્ત ઓળખવા એ કલમ કઠણ છે.

૫૨. ધ્યાને કરીને મૂર્તિ સિધ્ધ કરી હોય તેને પણ મોટા મુક્તનો જોગ જોઈએ, કેમ જે ભોમિયા તો એ છે.

૫૩. પરમપદ તે પરમએકાંતિકની પ્રાપ્તિ છે. અને અનાદિની તો વાત જ જુદી છે. તેનું સ્વરૂપેય જુદુ, તેને પમાડનાર જુદા, અને પામનારાય જુદા. એનું સુખ પણ જુદુ અને

પ્રાપ્તિયે જુદી. તેની તો વાતજ જુદી છે. અનાદિમુક્ત તો સદાય મૂર્તિમાં છે, છે ને છે જ.

૫૪. ભગવાન તથા સંતના દાસાનુદાસ થઈને સત્સંગમાં મુક્ત સાથે જીવ જોડવો.

૫૫. જોગ તો મોટા અનાદિનો કરવો પણ આધુનિકનો કરવો નહિ. આધુનિકના જોગથી અધુરૂ રહે છે.

૫૬. મોટાનો મન, કર્મ, વચને જોગ સમાગમ કરીએ તો સંસારરૂપી સમુદ્રમાંથી ઉગરીને ભગવાનની મૂર્તિમાં ઝટ પહોંચી જવાય.

૫૭. મુક્ત મૂર્તિમાં રહીને ક્ષણ ક્ષણ પ્રત્યે કોટાનિકોટ નવીન નવીન ઉત્પન થતા જે સુખ તેને ઉત્પન થવાના જે સ્થાનક તેને સહિત એકકાળાવછિન્ન એ સર્વે સુખને જાણતા થકા ભોગવે છે.

૫૮. અનાદિમુક્તને વિષે પોતાના જીવને બાંધીને એકાત્મપણું કરે ત્યારે માયાને તરીને શ્રી પુરૂષોત્તમરૂપ થઈને એ મૂર્તિના સુખમાં રમે તેમાં કાંઈ પણ કઠણ પડતું નથી.

૫૯. કોઈ આવો, કોઈ આવો, આજ મહારાજ ને મુક્ત જીવના ગુણ-અવગુણને કે પાત્ર-કુપાત્રને જોતા નથી. સહુને ન્યાલ કરે છે.

# ૩. સત્સંગ મહિમા

## શ્રીમુખવાણી

* જયારે કોઈ હરિભક્તનો દોષ નજરમાં આવે ત્યારે એમ સમજવું જે આનો સ્વભાવ તો સત્સંગમાં ન ઘટે એવો છે તોય પણ એને જો સત્સંગ મળ્યો છે અને એ જો જેવો તેવો છે તોય પણ સત્સંગમાં પડ્યો છે તો એનો પૂર્વજન્મનો અથવા આ જન્મનો સંસ્કાર ભારે છે તો આવો સત્સંગ મળ્યો છે. એમ સમજીને તેનો પણ અતિશય ગુણ લેવો (ગઢડા પ્રથમ-૨૪).
* પોતાના ઈષ્ટદેવ જે પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ તેનો જે ભક્ત હોય તેને વિષે અલ્પદોષ હોય તે મહિમાના સમજનારાની દૃષ્ટિમાં આવે જ નહીં અને ભગવાનના મહિમાને જાણતો હોય તે તો ભગવાનના સંબંધને પામ્યા એવા વૃક્ષવેલી આદિક તેને પણ દેવતુલ્ય જાણે તો જે મનુષ્ય હોય ને ભગવાનની ભક્તિ કરતા હોય ને તેને દેવતુલ્ય જાણે ને અવગુણ ન લે તેમાં શું કહેવું! (કારીયાણી-૯).

* જે સત્સંગી સત્સંગમાંથી પાછો પડવાનો હોય તેની અસદ્વાસના વૃદ્ધિ થાય છે અને તેને પ્રથમ તો દિવસે દિવસે સત્સંગીમાત્રનો અવગુણ આવે છે અને પોતાના હૈયામાં એમ જાણે જે 'સર્વે સત્સંગી તો અણસમજુ છે ને હું સમજુ છું' અને સત્સંગમાં જેને વધારો થવાનો હોય તેને શુભ વાસના વૃદ્ધિ પામે છે ત્યારે તેને દિવસે દિવસે સત્સંગીમાત્રનો હૈયામાં ગુણજ આવે અને સર્વ હરિભક્તને મોટા સમજે અને પોતાને ન્યુન સમજે ને આઠે પહોર તેના હૃદયમાં સત્સંગનો આનંદ વર્ત્યા કરે. (ગઢડા પ્રથમ – ૨૮)

## શ્રી અબજવાણી

૧. આજ શ્રીજીમહારાજ સત્સંગમાં પ્રતિમારૂપે પ્રત્યક્ષ છે.

૨. સત્સંગનો અવગુણ બહારવૃત્તિવાળાને આવે છે. જો અંતરવૃત્તિ થાય તો સત્સંગ દિવ્ય જણાય.

૩. જેના હૃદયમાં મહારાજની મૂર્તિ આવે છે તેને કોઈના દોષ સુઝતા નથી.

૪. ઘીના પાત્રને ફોડે તેણે ઘીનો દ્રોહ કર્યો કહેવાય તેમ

સત્સંગ અને મંદિરોનો દ્રોહ કરે તેણે શ્રીજીમહારાજનો દ્રોહ કર્યો કહેવાય.

૫. ભલા થઈને સત્સંગ દિવ્ય જાણજો. કદાપિ આ દેશમાં (અમદાવાદ) ન બને તો વડતાલ જાવું અને વડતાલમાં ન બને તો આ દેશમાં રહેવું, એટલા માટે શ્રીજીમહારાજે બે દેશ કર્યા છે તે જેને જ્યાં સાનુકુળ પડે ત્યાં રહેવું અને સુખે ભગવાન ભજવા.

૬. જે સત્સંગ દિવ્ય ન જાણે અને પોતાને સરસ માને અને બીજાને પોતાથી ન્યુન માને અને તે કહે જે હું મહારાજની મૂર્તિને દેખું છું, તો એ વાત ખોટી છે.

૭. આ સત્સંગ ઘર મનાય તો નાસ્તિકભાવ ટળી જાય અને સત્સંગને વિષે દોષદષ્ટિ થાય કે નબળો ઘાટ થઈ જાય તો વજલેપ થાય અને સત્સંગથી બહાર જવું પડે.

૮. જેને સત્સંગનો અવગુણ આવ્યો હોય તે બીજાને પણ સત્સંગના અવગુણ ઘાલે તેથી જીવનો નાશ થઈ જાય. માટે સત્સંગરૂપી સમુદ્રમાં રહેવું, મોક્ષરૂપી મોતીની પ્રાપ્તિ તો જ થાય.

૯. દાસપણું રાખવું અને સત્સંગની ખબર રાખવી તો મહારાજ રાજી થઈને અક્ષરધામમાં લઈ જશે. પોતાની સામર્થી પ્રમાણે આ સંપ્રદાય સુધારવો તેમાં શ્રીજીમહારાજનો રાજીપો બહુ છે.

૧૦. સત્સંગમાં જો મૂર્તિનો આનંદ અને ખુમારી હોય તો તેને બીજું કાંઈ જોઈએ જ નહિ.

૧૧. ડખા થાય તેણે કરીને સત્સંગમાં ભગવાન નથી એમ ન જાણવું. જેને પરિપકવ નિશ્ચય ન હોય તેને એવી શંકાઓ થાય.

૧૨. આ સત્સંગ આપણું ગોત્ર છે.

૧૩. આ સત્સંગમાં જેટલા ગુણ-દોષ દેખાય તેટલું નાસ્તિકપણું છે અને દિવ્યભાવ દેખાય તેટલું આસ્તિકપણું છે.

૧૪. આવા દિવ્ય સત્સંગમાં કોઈનો અવગુણ ન આવવો જોઈએ. કદાપિ વિક્ષેપ જણાતો હોય તો એમ જાણવું જે સામા પક્ષવાળા વિક્ષેપમાં રહીને પણ ભજન કરે છે, તેથી તેમને ધન્ય છે.

૧૫. સત્સંગમાં તો ભગવાન પ્રત્યક્ષ બિરાજે છે. પાપી અને અધર્મીને મતે નથી. તે તો આગળ હતા એમ જાણે છે, તેથી સત્સંગની શૈલી રાખતા નથી.

૧૬. આ સત્સંગ તો કલ્પતરુ છે. શ્રીજીમહારાજ દિવ્ય છે. સત્સંગી દિવ્ય છે. આ સત્સંગ તુલ્ય કોઈ નથી.

૧૭. એટલું તો સમજવું જે ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી જેવા મહાઅનાદિમુક્તોએ શ્રીજીમહારાજ સાથે રહી આ સંપ્રદાય બાંધ્યો છે. માટે આપણે એ સંપ્રદાયની સેવા કરવી.

૧૮. જે સત્સંગને દિવ્ય ન સમજે અને સર્વેના ઉપરી મહારાજ છે એમ ન સમજે તેને આ લોકમાં ઘણું કરવાનું રહી જાય છે.

૧૯. જ્યાં જ્યાં મહારાજ અને મોટા વિચર્યા ત્યાં, ઝાડ, પહાડ, વસ્ત્ર, વાહન આદિ સર્વે ચૈતન્યમય અને દિવ્ય છે.

૨૦. સત્સંગ સર્વે દિવ્ય છે એવું જણાય અને સૌનો દાસ થઈને વર્તે, તો સુખિયો થતાં વાર ન લાગે એવો આ જોગ છે.

૨૧. સત્સંગમાં વિષમ દેશકાળ જેવું જણાતું હોય ત્યારે પણ સમજણ ન હોય તો દોષ પરઠાય જે ભગવાન પ્રત્યક્ષ હોય તો આમ કેમ થાય? એવા મનુષ્ય ચરિત્ર પ્રાકૃત જેવા લાગે તેને વિષે પણ દિવ્યભાવ રાખવો અને એમ સમજવું જે સર્વ કર્તા-હર્તા શ્રીજીમહારાજ છે.

૨૨. સત્સંગ તો કલ્પતરૂ સમ છે. શ્રીજીમહારાજે સમ ખાધા કે આ બધા અક્ષરધામના મુક્ત છે એમ હું સર્વેને દેખું છું. રાજાના કુંવરને કોઈ એમ નહિ કહે કે આ રાજા નથી. એ પ્રમાણે દિવ્યભાવ લાવવો. જો દિવ્યભાવ ન જુએ તો પોતાને નુકસાન છે.

૨૩. મહારાજનો બાંધેલો સંપ્રદાય તેમની પુષ્ટિમાં રહીએ તો મહારાજ રાજી થાય. અને જો તોડાય તો મહારાજ કુરાજી થાય. માટે જે કરશે તે ભોગવશે.

૨૪. પુરુષોત્તમના સાધર્મ્યપણાને પામ્યા હોય તેને આ સત્સંગ દિવ્ય ભાસે.

૨૫. ખરૂં કુટુંબ ને ખરૂં ઘર તો સત્સંગ છે. એક બાપના દીકરા તો સત્સંગી કહેવાય. મહારાજ આપણા સર્વેના બાપ છે. એમ જાણી કથા-વાર્તા કરી સુખિયા રહેવું.

૨૬. આપણે સાજો સત્સંગ દિવ્ય જાણવો પણ સમાગમ તો મહારાજનો મહિમા તથા સુખ મળે તેવાનો કરવો ને આજ્ઞા પાળવાનો તથા કોઈનો મન, કર્મ, વચને કરીને દ્રોહ ન થાય તેવો ખટકો રાખવો કેમજે આ બધો સત્સંગ આપણું ગોત્ર છે. તેથી કોઈનો ભૂંડો સંકલ્પ પણ ન કરવો.

૨૭. આ સત્સંગમાં કોઈનો અવગુણ ન લેવો. સર્વેને દિવ્ય જાણવા, પણ બીજો ઘાટ ન ઘડવો. આપણને કેવું સુખ મળ્યું છે! કેવી પ્રાપ્તિ થઈ છે! કેવા મોટા ધણી મળ્યા છે! દિવ્યજ્ઞાન અને એ જ્ઞાન આપનારા પણ દિવ્ય મળ્યા છે.

૨૮. સત્સંગમાં જેને દિવ્યભાવ આવે તેને મહારાજ ને મુક્ત સર્વે તેજોમય ભાસે. આ મંદિર, મેડી, ઘર, ઓસરી સર્વે તેજોમય ભાસે. તેજનો અંબાર છે, વચ્ચે મહારાજ બિરાજે છે. એ મૂર્તિમાં અનંત મુક્ત કિલ્લોલ કરે છે. ફરતી સભા બેઠી છે, સર્વે તેજોમય છે.

૨૯. મહારાજના અનાદિમુકતનો વિશ્વાસ હોય તેને આ વાત મનાય ને આઠેપહોર આનંદ આનંદ રહે. મૂર્તિના સુખની ખુમારી રહે.

૩૦. જીવમાં સત્સંગ હોય તો સત્સંગનું અભિમાન રહે.

૩૧. સર્વ સત્સંગને દિવ્ય સમજે તો પોતે દિવ્ય થઈ જાય.

૩૨. શ્રીજી મહારાજ તથા પોતાનો આત્મા તથા સંત તથા સત્શાસ્ત્રમાં કહ્યો એવો ધર્મ, તે મળીને સત્સંગ કહેવાય.

૩૩. દિવ્યભાવ આવે તો સત્સંગમાં કોઈનો અવગુણ ન આવે.

૩૪. જેને મૂર્તિનું સુખ જોઈતું હોય તેણે સત્સંગમાં દાસાનુદાસ થવું.

૩૫. જયારે મૂર્તિમાં રસબસ થઈ જવાય ત્યારે સત્સંગ થયો કહેવાય.

૩૬. સત્સંગમાં દાસપણું રાખે તેને કોઈનો અવગુણ ન આવે અને તેમાં રૂડા ગુણ આવે છે.

૩૭. અમદાવાદ, ભૂજ, વડતાલ, આદિના સાધુ-સત્સંગી જે પંચવર્તમાને યુક્ત હોય તે સર્વે એક મંડળ છે તેને જુદા જાણે તો ધામમાં ન જવાય અને તેમનો દ્રોહ કરે તેને શ્રીજીમહારાજ તેડવા ન આવે માટે સત્સંગ સર્વે એક જાણવો પણ જૂદો ન જાણવો. સર્વેના એક જ શ્રીજીમહારાજ છે માટે એક જાણે તો શ્રીજીમહારાજનો રાજીપો થાય.

૩૮. પોતાની વ્યક્તિગત મહત્તા જણાવે એટલે કાંઈ કામ થાય નહિ માટે સત્સંગમાં ગુમાસ્તા થઈને રહેવું.

૩૯. સત્સંગમાં જેનો જન્મ આવે તેના મોટા ભાગ્ય. કેમ કે આ સત્સંગ દિવ્ય છે. તેથી મહારાજ તથા મોટા મુક્તનો જોગ અહીં તરત મળે છે.

૪૦. જો આત્મનિષ્ઠા ખરેખરી હોય તો આચાર્ય, સાધુ હરિજનના અવગુણ ન આવે ને પદાર્થ સારૂં ભડાભૂટ ન કરે.

૪૧. સત્સંગરૂપી સમુદ્રમાં રહેવું, મોક્ષરૂપી મોતીની પ્રાપ્તિ તો જ થાય, પણ સત્સંગથી વિમુખ થયા હોય તેની પાસે મોક્ષ ન મળે.

૪૨. જેને આ લોકમાં આબરૂ વધારવાનું તથા છતું થવાનું તાન હોય તે સૌ વખાણે તે સારૂં તપ કરે, વૈરાગ્ય રાખે, ધર્મ પાળે, દાન-સેવા કરે, બીજા પાસે કરાવે પણ તેને કારણ હાથ આવે નહિ.

૪૩. મહારાજ આપણા સામું જોઈ રહયા છે એમની સમગ્ર સત્સંગ ઉપર એવીને એવી દયા છે.

# ૪. ધર્મ

## શ્રીમુખવાણી

* ભગવાનનું માહાત્મ્ય જાણતો હોય તે તો એમ વિચારે જે, ભગવાનની આજ્ઞાને વિષે બ્રહ્માદિક સમગ્ર દેવ રહ્યા છે તે ભગવાનની આજ્ઞા મારાથી કેમ લોપાય? એમ જાણીને ભગવાનના નિયમમાં નિરંતર રહે. *(વડતાલ - ૩)*
* ભગવાનના માહાત્મ્યનો ઓથ લઈને મૂળગો પાપ કરવા થકી ડરે નહિ, એવો જે હોય તે તો દુષ્ટ છે, પાપી છે, ને એવી સમજણવાળો હોય અને તે ઉપરથી ભક્ત જેવો જણાતો હોય તો પણ તેને ભક્ત ન જાણવો અને તેનો સંગ ક્યારેય ન કરવો. *(ગઢડા અંત્ય- ૩ ૨)*
* અને વળી અમારો દૃઢ વિશ્વાસ રાખશો ને કહીએ તેમ કરશો, તો તમને મહાકષ્ટ કોઈક આવી પડશે તેથી અથવા સાત દકાલી જેવું પડશે તે થકી રક્ષા કરીશું અને કોઈ ઉગર્યાનો આરો ન હોય એવું કષ્ટ આવી પડશે તો ય

પણ રક્ષા કરીશું, જો અમારા સત્સંગના ધર્મ બહુ રીતે કરીને પાળશો તો. ને સત્સંગ રાખશો તો. અને નહિ રાખો તો મહાદુઃખ પામશો તેમાં અમારે લેણા દેણા નથી. *(જેતલપુર-૫)*

## શ્રી અબજવાણી

૧. જેને પોતાના દોષ ઓળખાય અને પસ્તાવો કરે અને માફી માંગે તેને ધન્ય છે. મોટા સાથે મન જોડે તો પોતાની ભૂલ ઓળખાય, પાત્ર થવાય અને જીવમાં બળ આવે.

૨. સ્વભાવ જીત્યા વિના મહાપ્રભુજીના સુખની ઈચ્છા રાખવી તે તો વલખાં છે.

૩. આપણા દ્વેષીને જો આપણા જેવું કામ પડે તો તેના કૃત્ય સામું ન જોવું. આપણાથી બને તેટલું સાચા દિલથી તેનું સારૂં કરવું એવી ભગવાનના ભક્તની રીત છે.

૪. વાતચીત કરતાં તથા પ્રશ્ન-ઉત્તર કરતા રજ-તમનો ભાવ આવે તો શબ્દ સર્વે વ્યર્થ થઈ જાય. કોઈને સમાસ ન કરે.

૫. મહારાજ તથા મોટાના સિદ્ધાંતની હારો કરવી. દેશ, કાળ, ક્રિયા, સંગ રૂડા સેવવા. મહારાજની મૂર્તિનો આશરો દૃઢ રાખવો. પોતાની ભૂલ ઓળખવી અને ટાળવી.

૬. ધર્માદો આપવામાં સંશય ન કરવો.

૭. ભગવાનના ભક્ત આજ્ઞા લોપે તેટલું દુઃખ અને આજ્ઞા પાળે તેટલું સુખ.

૮. સંબંધ જવા દેવો પણ ધર્મ ન જવા દેવો.

૯. શ્રીજીમહારાજ અને મોટા મુક્તની પ્રસન્નતાના સાધન કરે અને આજ્ઞા યથાર્થ પાળે તો સંત થવાય.

૧૦. નબળા માણસ સાથેની ભાઈબંધી ભગવાન ભજવાનું વિસારે એવી છે. ખરાબ માણસ સાથે સહિયારો વેપાર પણ ન કરવો.

૧૧. જેને સ્વામિનારાયણના ઘેર જવું હોય તેને શીલ, સંતોષ, ધીરજ આદિ ગુણ રાખવા અને કામ, ક્રોધ, લોભાદિક દોષ ટાળીને મહારાજ તથા મુક્તને રાજી કરી લેવા.

૧૨. જ્યાં સુધી અનાદિમુક્તની સ્થિતિ થઈ નથી ત્યાં સુધી મહારાજની આજ્ઞા યથાર્થ પળાતી નથી.

૧૩. જો આપણે કોઈનું અનિષ્ટ ઈચ્છીએ તો નિશ્ચયમાં ફેર છે એમ જાણવું.

૧૪. શ્રીજીમહારાજને અંતર્યામી જાણવા અને નાની-મોટી સર્વે આજ્ઞામાં દ્રઢપણે વર્તવું અને ઉપાસનામાં તો વાંધો ન જ આવવા દેવો.

૧૫. શ્રીજીમહારાજ સત્સંગમાં રોઝે ઘોડે બેસીને ફરે છે. તે જે આજ્ઞા લોપશે તેને ફટાક ફટાક મારશે.

૧૬. ભગવાનને રાજી કરવા હોય તેને તો રૂડા સ્વભાવ ને રૂડા ગુણ અવશ્ય રાખવા.

૧૭. મોટા મુક્તમાં મનુષ્યભાવ પરઠીને લગારેક અવગુણ લે તો એ જીવનું તૈયાર થઈ ગયેલું કામ બગડી જાય છે.

૧૮. અંતરદ્રષ્ટિ ભગવાનના ભક્તની છે, બાહ્યદ્રષ્ટિ અભક્તની છે ને દ્રોહદ્રષ્ટિ અસુરની છે.

૧૯. આપણે શ્રી સ્વામિનારાયણના દીકરા છીએ માટે અક્ષરધામના રાજ્યને લાયક થાવું.

૨૦. જે મૂર્તિમાં રહીને બોલતા હોય તે તો મૂર્તિમાં રહીને ધીમું ધીમું બોલે પણ ધડાકા ન કરે.

૨૧. આપણે કોઈને સુખ કરીએ તો આપણને સુખ થાય છે અને દુઃખ દઈએ તો આપણને દુઃખ થાય છે.

૨૨. કોઈનો દોષ આવે તો જેમ વેપારમાં કમાવાના બદલે ખોટ આવી એમ જાણવું.

૨૩. પુરૂં કરવું એ મહારાજ અને મુક્તના હાથમાં છે અને આજ્ઞા પાળવી એ આપણા હાથમાં છે.

૨૪. અનાદિમુક્તની સર્વે ક્રિયા મહારાજની આજ્ઞા પ્રમાણે જ હોય પણ આજ્ઞા વિરૂધ્ધ કાંઈ પણ કરે નહીં અને કરાવે નહીં.

૨૫. દેહધારી આપણી રીત જોઈ મૂંઝાતા હોય, તેનું પણ સારૂં થાય એવો આપણે સંકલ્પ કરવો.

૨૬. પાત્ર તો પોતાને જ થવું જોઈએ. આજ્ઞા, નિયમ યથાર્થ પાળવારૂપ પુરૂષપ્રયત્ન કરે તો મહારાજ અને મોટા મુક્ત પછી કૃપા કરે.

૨૭. જો ખબરદાર થઈને મોટાના વચન અધ્ધરથી ઝીલે અને તે પ્રમાણે વર્તવા માંડે તો મુક્તદશા વહેલી પ્રાપ્ત થાય.

૨૮. કલમુ તો ઘણી છે પણ નિષ્કામીપણા જેવી કલમ નથી માટે આપણે એ એક જ કલમ રાખવી.

૨૯. માન-અપમાન, સુખ-દુઃખ, હર્ષ-શોક, શત્રુ-મિત્ર એ સર્વે સરખું થઈ જાય અને કામ, ક્રોધ, લોભ, ભય, એમાં ન લેવાય એવી આત્મનિષ્ઠા દૃઢ કરવી.

૩૦. ભગવાનના ભક્તના દ્રોહથી બીતા રહેવું. અહંમમત્વમાં મોટાનો અપરાધ થઈ જાય માટે અહંમમત્વ ન કરવો.

૩૧. દ્રવ્ય છે તે વ્યવહારમાં, વિષય ભોગવવામાં વાપરે તો સગુણ અને બંધનકારી છે અને શ્રીજીમહારાજના અને સંતોના અર્થે ભાગવતધર્મ અનુસાર વાપરે તો નિષ્કામ, નિર્ગુણ અને કલ્યાણકારી છે.

૩૨. કદાપી માન મૂકે તો નિર્માનીપણાનું માન આવે જે હું કેવો નિર્માની છું! તે પણ જીવનું બગાડે છે.

૩૩. જીવ ક્યારેક દેહાદિક ભેળો ભળીને હાણ-વૃદ્ધિ, માન-અપમાન, સુખ-દુઃખ, હર્ષ-શોક પામે અથવા પંચવર્તમાનરૂપી ધર્મમર્યાદામાં ફેર પાડે તેનું કલ્યાણ સત્પુરુષ ન કરે.

૩૪. ડોડરૂપી દોષ જીવને જ્યાં સુધી હોય ત્યાં સુધી મહારાજનો અને મોટાનો મહિમા સમજાય નહિ.

૩૫. ભક્તરાજ સુરાખાચરની આસક્તિ જેમ મહારાજે નિયમે કરીને ટાળી તેમ નિયમે કરીને આસક્તિ ટળે પણ પોતાની મેળે ત્યાગ કરે તો આસક્તિ ન ટળે. નિયમ લેવા તે પણ મોટાની પાસે દીન થઈને હાથ જોડીને લેવા તો મોટા સહાયમાં ભળીને પાર પાડે.

૩૬. જેને શ્રીજીમહારાજનું સુખ વહેલું લેવું હોય તેણે કામ, ક્રોધ, ઐશ્વર્ય, પ્રસિદ્ધિ, યશ, કીર્તિ તેમને ભાગિયા રહેવા દેવા નહિ, તો મહારાજનું સુખ આવે.

૩૭. ઊનું નહિ, ટાઢું નહિ, મંદ-મંદ, શીતળ અને શાંત એવું મહારાજનું સુખ છે તે જેને રજ-તમ ન ભળે તેને આવે છે.

૩૮. મોક્ષાર્થીને તો અષ્ટસિદ્ધિઓ અને નવનિધિઓ હાજર થાય છે અને વાંસે ફરે છે પણ તેને ગ્રહણ કરવી નહીં.

૩૯. શ્રીજીમહારાજને પ્રાર્થના કરીએ જે કુસંગનો જોગ થવા દેશો નહિ અને કોઈ મોટા એકાંતિકનો દ્રોહ થાય તો તે થકી રક્ષા કરજો.

૪૦. પુરૂષપ્રયત્ન કરવો અને મૂર્તિનું તાન રાખવું. પરચા, ચમત્કાર, ઐશ્વર્યની ઈચ્છા ન રાખવી એ સર્વે સકામ છે.

૪૧. સર્વ ક્રિયા શ્રીજીમહારાજને સાથે રાખી કરવી. એમની અને મોટાની પ્રસન્નતાને અર્થે કરવી પણ કોઈ વખાણે કે માન માટે ન કરવી.

૪૨. આ લોકમાં માન, મોટ્યપ, યશ, કીર્તિ તેમાં કાંઈ માલ નથી. માનાદિક કાંઈ ન હોય તેની ઉપર શ્રીજીમહારાજને અને મોટા મુક્તને હેત વધતું જાય છે.

૪૩. માન, ઈર્ષ્યા અને ક્રોધ તે મોક્ષનો માર્ગ અને વ્યવહાર એ બેય બગાડે એવા છે તો પણ જીવ તેને મુકતા નથી. એ તો કાંઈ કામના નથી, ઉલટું ભૂંડુ કરે એવા છે માટે તેને રાખવા નહીં.

૪૪. આજ્ઞા છે તે આત્મસત્તાનું કામ કરે છે એટલે આજ્ઞા પાળનારો આત્મસ્વરૂપ એટલે શ્રીજીમહારાજના તેજરૂપ થાય છે ત્યારે તે પાત્ર થયો પછી મોટા મુક્ત એમાં મૂર્તિ પધરાવી દે છે. ચૌદ લોકના સુખથી લુખા થવાય તો મૂર્તિનું સુખ મળે.

૪૫. આપણે મોટી વસ્તુ લેવી છે તેથી શૂરવીર થઈને આજ્ઞારૂપી કોટમાં રહીને અંતરશત્રુ જીતીએ ત્યારે મહારાજની મૂર્તિ મળે. ત્યાગીને ધર્મામૃત અને નિષ્કામશુદ્ધિ પ્રમાણે રહેવું અને ગૃહસ્થ હરિભક્તને શિક્ષાપત્રી પ્રમાણે રહેવું તો શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ આવે પણ તે વિના આવે નહિ.

૪૬. ધણીના ઘરમાં બેઠા પછી ધણીની મરજી પ્રમાણે વર્તવું જોઈએ નહિ તો કાઢી મૂકે.

૪૭. કરોડો ગુન્હા માફ કરીને શ્રીજીમહારાજ ધામમાં લઈ જશે પણ જે ભક્તનો દ્રોહ કરશે તે ગુન્હો માફ નહી કરે.

૪૮. દશાંશ વિશાંશ તે કનિષ્ઠ ધર્માદો છે. મુક્તનો સમાગમ તે મધ્યમ ધર્માદો છે અને શ્રીજીની મૂર્તિમાં ઈન્દ્રિયો, અંતઃકરણ અને જીવ જોડી દેવો તે ઉત્તમ ધર્માદો છે.

૪૯. ધ્યાન કરતા હોય અને મૂર્તિ દેખતા હોય અને સમાગમ કરતા હોય તેમણે પણ દેવનો ધર્માદો (દશાંશ-વિશાંશ) પુરેપુરો કાઢવો.

૫૦. ભગવાનના ભક્તે જાણે-અજાણે કાંઈક પાપ થઈ જાય તો તેનું પ્રાયશ્ચિત કરવું, તે પ્રાયશ્ચિત કરવાથી દેહની શુદ્ધિ

થાય છે અને ધ્યાને કરીને જીવની શુદ્ધિ થાય છે.

૫૧. જેણે કરીને શ્રીજીમહારાજને ભૂલી જવાય અને નિયમ થઈ શકે નહિ એવું અતિ તપ કે વ્રત કરવું નહીં. જે પ્રાયશ્ચિતના ઉપવાસ કે વ્રત તે તો લેણું કહેવાય, તે લેણું તો આપવું જ, તેમાં છુટકો નહીં.

૫૨. સત્સંગમાં કોઈ આડો અવળો વર્તે તો ય તિરસ્કાર ન કરવો અને 'મહાપ્રભુજીના ગુન્હામાં ન આવે તો ઠીક' એમ દયા રાખવી.

૫૩. જેવા માંહી તેવા બહાર રહેવું પણ કોઈ પ્રકારનું કપટ કે યુક્તિ રાખવા નહીં. જયાં સુધી અંતઃકરણ શુદ્ધ નહિ રાખે ત્યાં સુધી મોટા સુખની પ્રાપ્તિ નહિ થાય અને મહારાજ અને મુક્ત ભેગુ નહિ રહેવાય.

૫૪. પ્રાયશ્ચિત દેવું તે દયા કરીને દેવુ પણ રીસ કરીને દેવુ નહીં. સારા-નરસા ઘાટ થાય છે તેને મહારાજ અને મોટા દેખે છે એમ જાણીને પ્રાયશ્ચિત કરશે તેનું પરમ કલ્યાણ થશે. આજ્ઞા વિરૂધ્ધ જો સંકલ્પ પણ થઈ જાય તે અયોગ્ય કર્મ જાણવું અને કોઈ ઉપર ક્રોધ થઈ આવે તે પણ અયોગ્ય કર્મ જાણવું અને તેનું પ્રાયશ્ચિત તુરત કરવું.

૫૫. જે વ્યવહાર કરતે થકે મહારાજની મૂર્તિ ભુલાય તેવો વ્યવહાર ભગવાનના ભક્તે કોઈ દહાડે કરવો નહિ.

૫૬. ઘાટને સ્વામિનારાયણ સ્વામિનારાયણ એવા નામને ઉચ્ચારે કરીને તથા મોટા સદ્‌ગુરૂના નામ લઈને ટાળી નાંખવા. પછી ઘાટને વારંવાર સંભારવા નહિ, એક મૂર્તિ જ સંભારવી.

૫૭. શુભ વાસના પણ નડે, માટે સર્વ પ્રકારની વાસના ટાળી એક મહારાજની મૂર્તિ રાખવી.

૫૮. સાધુએ ક્ષમા રાખવી. અને કોઈનું ભૂંડુ થાય એવો સંકલ્પ પણ ન કરવો. આપણે તો અધમ જેવા જીવનું પણ સારું થાય એવો સંકલ્પ કરવો.

૫૯. ધુળ નાખે, કચરો નાખે, તોય સાધુને સમભાવ રહે એ આત્મનિષ્ઠા જાણવી.

૬૦. આધાર વિનાના હોય તેને દુઃખ દેવું એ મહાપાપ છે.

૬૧. શ્રીજીમહારાજના સિદ્ધાંત અને આજ્ઞા પ્રમાણે ગૃહસ્થને તથા ત્યાગીને વર્તવું. સત્સંગમાં પડયા હોય અને ઈન્દ્રિયોને લાડ લડાવ્યા કરતા હોય તે શોભે નહિ, કેમકે ઈન્દ્રિયો તો તૃપ્ત થાય એવી નથી.

# ૫. જ્ઞાન

## શ્રીમુખવાણી

* મૂર્તિની ચારેકોર મુકતના મંડળ ભરાઈને બેઠા છે તે સર્વે મુકત છે તે એક નજરે ભગવાનની મૂર્તિ સામુ જોઈ રહ્યા છે. અમે બોલીએ છીએ તે પણ ત્યાં જ બેઠા થકા બોલીએ છીએ અને તમે પણ સર્વે ત્યાં જ બેઠા છો એમ હું દેખુ છું પણ આ ગઢડું શહેર કે આ ઓસરી કાંઈ દેખાતુ નથી. અને તે સ્વરૂપને તમે પણ દેખો છો પણ તમારા સમજયામાં પરિપૂર્ણ આવતુ નથી,અને જ્યારે એ વાર્તા સમજયામાં આવશે ત્યારે પંચવિષય કે કામ-ક્રોધાદિક સ્વભાવ તે જીત્યામાં પ્રયાસ થાશે નહિ; સહેજે જીતાઈ જશે. અને જયારે એવું ભગવાનનું સ્વરૂપ છે તેને દૃઢ કરીને સમજશો ત્યારે તમને કોઈ પ્રકારનું વિઘ્ન કલ્યાણના માર્ગને વિષે નહિ થાય *(ગઢડા મધ્ય-૧૩)*

* તેજોમય દિવ્યમૂર્તિ જે ભગવાન તે જીવોના કલ્યાણને

અર્થે અને પોતાને વિષે નવ પ્રકારની ભક્તિ જીવોને કરાવવાને અર્થે કૃપા કરીને પોતાની જે સર્વ શક્તિઓ, ઐશ્વર્ય, પાર્ષદ તેણે સહિત થકા જ મનુષ્ય જેવા થાય છે ત્યારે પણ જો એવા મર્મના જાણનારા છે તે આ ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિષે જેવું રહ્યું છે, તેવું જ પૃથ્વીને વિષે જે ભગવાનનું સ્વરૂપ રહ્યું છે તેને સમજે છે. પણ તે સ્વરૂપને વિષે અને આ સ્વરૂપને વિષે લેશમાત્ર ફેર સમજતા નથી. અને આવી રીતે જેણે ભગવાનને જાણ્યા તેણે તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય અને તેને માયાની નિવૃત્તિ થઈ કહેવાય અને એમ જે જાણે તેને જ્ઞાની ભક્ત કહીએ ને તેને એકાંતિક ભક્ત કહીએ. *(પંચાળા-૭)*

* પ્રત્યક્ષ પુરૂષોત્તમ ભગવાનના સ્વરૂપમાં અને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈપણ ભેદ નથી. એ બે એકજ છે અને એવા જે આ પ્રત્યક્ષ પુરૂષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે અને સર્વ કારણના

પણ કારણ છે ને સર્વોપરી વર્તે છે અને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિક ભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે. *(ગઢડા અંત્ય-૩૮)*

## શ્રી અબજવાણી

૧. લોક-પરલોક, અવતાર-અવતારી, ભૂત-ભવિષ્ય, ઐશ્વર્ય-ચમત્કાર, એમ અલકમલકની વાતો કરવી એ લાંબા ફેરાનો રસ્તો છે. આપણે તો એક મહારાજની મૂર્તિ રાખવી અને મુક્તને વિષે હેત રાખવું.

૨. જેવા છે તેવા મહારાજ અને અનાદિમુક્તને જાણવા જોઈએ. તે જ કુશાગ્ર બુદ્ધિવાળો કહેવાય.

૩. મૂર્તિ વિનાનું બીજું જ્ઞાન છે તે પ્રકૃતિનું છે, તેમાંથી નીકળી શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડાવું.

૪. આ લોકની બીક લાગે પણ સ્વામિનારાયણ ભગવાન સત્સંગમાં અખંડ બિરાજે છે તેમની બીક ન લાગે એ કેવડું બધુ અજ્ઞાન?

૫. શ્રીજીમહારાજ વિના સર્વે ખોટું જાણવું તે સાંખ્ય અને

મહારાજની મૂર્તિમાં રસબસ રહેવું તે યોગ.

૬. મૂર્તિના સુખરૂપ મહારસનું પાન મેલી પ્રકૃતિના કાર્યમાં કુટાવુ નહિ.

૭. મૂર્તિ વિનાની બીજી વાતો કરવી તે તો ખોટી થવા જેવું છે, માટે મૂર્તિ ભૂલીને વાતોને નોરે ચડી જવું નહીં.

૮. કારણ મૂર્તિને મૂકીને કાર્યમાં એટલે હલરવલરમાં ભળવું નહિ.

૯. આજ અક્ષરધામમાંથી જાન આવી છે તેમાં પતિ મહારાજ છે અને મુક્ત જાનૈયા છે તેની ખુમારી રાખવી. પુરુષોત્તમનો ચાંદલો આવ્યો તે વાત કેવડી મોટી!

૧૦. અવતારાદિકને, બ્રહ્મકોટીને તથા અક્ષરકોટીને પણ આ સત્સંગમાં આવ્યા વિના છૂટકો નથી.

૧૧. મહારાજના મહિમાનુ બીજ સર્વે વાતોમાં લાવવુ. મહારાજના પ્રસંગ વિનાની લૂખી વાત કયારેય પણ કરવી નહિ. મહારાજ અને અનાદિમુક્તને જુદાપણું નથી. જળતરંગવત્ એક છે.

૧૨. આ સભા અક્ષરધામની છે તેને ચૂંથી ન નાખવી.

૧૩. મહારાજ વિના બીજું સંભારવું તે તો ખોટી થવા જેવું છે. માટે આપણે તો એક મૂર્તિ જ રાખવી.

૧૪. સુખમાં સુખ તો શ્રીજીમહારાજની મૂર્તિ છે. તે કારણ મૂર્તિને બાઝવું.

૧૫. સ્થાવર-જંગમ સર્વે ઠેકાણે મહારાજ દેખાય એ સ્થિતિ અને એ (મહારાજ) વિના કાંઈ ન દેખાય તે પ્રાપ્તિ.

૧૬. મહારાજ અને મુક્ત વિના આપણો ક્યાંય ભાગ નથી અને એ વિના બીજું ઠરવાનું ઠામ નથી.

૧૭. સર્વદેશી સમજણ હોય તે તો ક્યાંય અટકે નહીં અને મોક્ષ તો શ્રીજીમહારાજ કૃપાએ કરીને કરે છે.

૧૮. મહારાજનો તથા મોટા મુક્તનો રાજીપો થયો તેનાં સર્વે સાધન પૂરા થયાં. એમની પ્રસન્નતા થઈ એટલે છતે દેહે મૂર્તિનાં સુખમાં પહોંચી ગયો.

૧૯. આ સભા આમનેઆમ અખંડ અંતરમાં સાંભરે તો ફોટોગ્રાફ લેવાઈ ગયો. એમ કરે તો ફોટોગ્રાફ લેવો ન પડે.

૨૦. પાત્ર થયા વિના મહારાજનું સુખ આવે તો પોતે ભગવાન

થઈ બેસે અથવા બીજાને ભગવાન કરી બેસાડે.

૨૧. મોટાની કૃપાએ હું તો મહારાજ સાથે જ છુ, ક્યાંય જવું-આવવું નથી એમ સમજવું તે આત્યંતિક કલ્યાણ.

૨૨. જ્ઞાનમાર્ગમાં એમ રહે છે જે  આ થકી આ શ્રેષ્ઠ, આ સાચું, આ ખોટું. પણ અમને એક સાચી જણસ સ્વામિનારાયણની મૂર્તિ લાગે છે અને એ જ જ્ઞાન ખરૂં છે.

૨૩. મહારાજ અને મુક્ત સદાય ભેળા છે એમ અંતરદષ્ટિ રહે તો તેમનો જોગ કર્યો કહેવાય.

૨૪. જેમ સૂર્ય અને ચંદ્ર પૃથ્વી પર બધાને પોતાપસોર છે તેમ મુક્તને ધામમાં મૂર્તિ છે.

૨૫. મૂર્તિમાંથી નવીન નવીન સુખ છૂટે છે, પરમએકાંતિક તે સુખમાં કિલ્લોલ કરે છે. અનાદિ તો મૂર્તિમાં રસબસ રહ્યા થકા રોમરોમના સુખ લે છે.

૨૬. કડિયાએ (ચિત્રકારે) તૈયાર કરેલ મૂર્તિમાં મહારાજ સાક્ષાત્ વિરાજમાન થાય, તો જીવ તો પાત્ર છે તેમાં સાક્ષાત્ વિરાજમાન થાય તેમાં શું નવાઈ?

૨૭. જે શ્રીજીમહારાજના સુખના આહારી છે તેને ભગવાન પ્રગટ છે અને તે એ સુખના આહારી નથી તેને પરોક્ષ છે.

૨૮. આ દિવ્ય સભાનો જે ગુણ લેશે તેને પણ મૂર્તિમાં મૂકી દેશું.

૨૯. આ સભા તે અક્ષરધામનો દરવાજો છે અને પૂરું તો સાક્ષાત્કાર અનુભવજ્ઞાન થાય ત્યારે થાય.

૩૦. મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ લેવું તેને અનુભવજ્ઞાન કહીએ, લાખ જન્મ ધરે તો પણ કલ્યાણ ન થાય તે આજ દેહ છતાં જ કલ્યાણ થાય છે. આ તો બગાસું ખાતા સાકરનો ગાંગડો મળ્યો છે.

૩૧. શ્રીજીમહારાજને જેવા છે તેવા સમજો અને આજ્ઞા પાળો તો અમે સહાય કરીને મૂર્તિના સુખમાં મૂકી દઈશું.

૩૨. સમાધિ કરતા અખંડ સ્મૃતિ તે શ્રેષ્ઠ છે (અર્થાત્ એકાંતિક). અને તેથી મૂર્તિનો સાક્ષાત્કાર થાય તે શ્રેષ્ઠ છે (અર્થાત્ પરમએકાંતિક). અને તેથી પણ મૂર્તિમાં રસબસ થઈ જવાય તે શ્રેષ્ઠ છે (અર્થાત્ અનાદિમુક્ત).

૩૩. શ્રીજીમહારાજના સકામ ભક્ત બ્રહ્માથી લઈને અક્ષર

સુધીની પદવીને પામે છે અને નિષ્કામ ભક્ત પોતાની સમીપે પરમએકાંતિક અથવા પોતાની મૂર્તિમાં રહેલા અનાદિમુક્તની પદવીને પામે છે.

૩૪. જ્યારે સ્વરૂપનિષ્ઠા દૃઢ થાય છે ત્યારે પંચવિષય, પરચા, ચમત્કાર, ઐશ્વર્ય એ સર્વેમાંથી પ્રતીતિ સહેજે ટળી જાય છે.

૩૫. શ્રીજીમહારાજ તથા મોટા પોતાના આત્માને વિષે સદા વિરાજમાન છે એમ જાણીને કામ, ક્રોધાદિક માયિક ઘાટ ઉઠવા દે નહીં અને આત્માને વિષે મૂર્તિ છે તેનું 'અખંડ અનુસંધાન' રાખે તો અંતરમાં મર્યાદા કહેવાય અને તેને મૂર્તિ ન દેખાય તો પણ સાક્ષાત્કાર કહેવાય.

૩૬. વાસના છે તે સમાધિમાં બ્રહ્મનું સુખ આવતું હોય ત્યાંથી પાછી ખેંચી લાવે એવી છે અને સમાધિમાં સકામ ભાવ છે અને તેમાં નુકશાન છે માટે સમાધિ કરતા અખંડ સ્મૃતિ છે તે શ્રેષ્ઠ છે.

૩૭. કંઠી, તિલક એમ બે-ચાર પૈસાનો સત્સંગ ન કરવો. આત્માને વિષે શ્રીજીમહારાજને પધરાવવા તો જ સત્સંગ કર્યો જાણવો. વેષ કરીને બેસીએ તેમાં સુખ ન

આવે.

૩૮. વચનામૃતની સાખ્ય બીજે લેવી પણ વચનામૃતમાં બીજી સાખ્ય ન લેવી.

૩૯. છેવટે આ દેહમાંથી છૂટું પડવું છે ત્યારે અત્યારથી જ જૂદા થવું.

૪૦. પરોક્ષના શાસ્ત્ર ખડને ઠેકાણે છે અને પ્રગટના શાસ્ત્ર કણને ઠેકાણે છે.

૪૧. પ્રગટ શ્રીહરિના ઉપાસકને તો પ્રગટના પ્રસંગની વાતો કરવી.

૪૨. સ્વરૂપનિષ્ઠાવાળાને તો શ્રીજીમહારાજના તથા મુક્તના મુખના વચન યથાર્થ સમજાય તે પ્રણવ અને નાદ છે અને તે નિષ્કામ છે. જે અંતર્વૃત્તિવાળા છે એ તો ત્રણ અવસ્થામાં મૂર્તિમાં જોડાય છે. સમાધિ માર્ગ રસિક છે પણ એમાં વિઘ્ન છે તે નવા આદરવાળાને સમાસ કરે પણ એકાંતિકને સમાધિ કામની નથી. માટે નિરંતર મૂર્તિનું સ્મરણ કરવુ તે સમાધિ કરતા વિશેષ છે.

૪૩. પરા, પશ્યંતિ, મધ્યમા અને વૈખરી એ ચાર વાણી તથા પરોક્ષના શાસ્ત્ર એ બધું ક્ષરમાં છે એટલે માયામાં છે માટે

એકાંતિકને તો એ કાંઈ જોઈએ જ નહિ.

૪૪. શ્રીજીમહારાજ વિના કોઈને કર્તા જાણે નહિ અને વાચ્યાર્થ અને લક્ષ્યાર્થ જ્ઞાન હોય અને અન્વય-વ્યતિરેકપણું જાણે તો બ્રહ્મરૂપ થવાય.

૪૫. એક મૂર્તિની અને મૂર્તિના સુખની ઈચ્છા રાખવી. ઐશ્વર્યની કે કાંઈ જોવાની અને નિરાવરણ થવાની કે અંતર્યામીપણાની ઈચ્છા રહે તો તે જગતની કોરનો લોચો કહેવાય. મૂર્તિનું તેજ જે અક્ષરધામ તે દેખાય તે પણ લોચો છે, એક મૂર્તિ અને મુક્ત બે જ સર્વત્ર દેખાય એ અંતર્વૃત્તિ કહેવાય અને તે લોચા રહિત કહેવાય માટે મૂર્તિમાં રસબસ થઈ રહેવું. 'રસબસ હોઈ રહી રસિયા સંગ, જ્યું મિસરી પય માંહિ ભળી.'

૪૬. આપણા ધામોમાં જે જે મૂર્તિઓ પધરાવી છે તે શ્રીજીમહારાજ છે એમ જાણીને દર્શન કરવા કેમ જે શ્રીજીમહારાજ સંકલ્પે કરીને એવે રૂપે દેખાય છે પણ પરોક્ષ અવતારો છે તે આપણા મંદિરમાં નથી.

૪૭. કૃષ્ણાદિક બીજા અવતારો તે સર્વે અન્વય સ્વરૂપમાંથી થયા છે અને વ્યતિરેક સ્વરૂપે તો મુક્તને મળ્યા છે પણ

અક્ષર આદિક કોઈને મળ્યા નથી.

૪૮. શાસ્ત્રમાં શાસ્ત્ર આ વચનામૃત અને શિક્ષાપત્રી છે. આજ તો આ વચનામૃતને ભણે અને સમજે તો અનંત જીવોનો ઉદ્ધાર કરવાની સામર્થી આવે.

૪૯. બધુય વચનામૃતમાં છે તે ચોપડો લઈને બેસે તો મહાપ્રભુજીની મૂર્તિ વચનામૃતમાંથી હાથ આવે છે, એકેય શબ્દ મૂર્તિ વિના ખાલી નથી. બધાય શબ્દ એમાં છે, બીજા શાસ્ત્રતો વૈરાજ સુધી કે પ્રકૃતિપુરુષ સુધી પહોંચે, તે શાસ્ત્ર શ્રીજીમહારાજ સુધી ન પહોંચે. બીજા ''અવરભાવ''ના છે અને શ્રીજીમહારાજના વચનામૃત તો ''પરભાવ''ના છે.

૫૦. અક્ષરધામમાં મહારાજ અને મુક્ત બે જ છે બીજા સ્થાનમાં કાંઈ ને કાંઈ હોય પણ ત્યાં બીજું કાંઈ ન મળે.

૫૧. શાસ્ત્રમાં બ્રહ્મ, સંત તથા અવતાર શબ્દ આવે ત્યારે બ્રહ્મ તે ધામ સમજવું. સંત તે મુક્ત સમજવા અને અવતાર તે મહારાજ સમજવા.

૫૨. જે ખોટું છે તેને ખોટું કરવું તેમાં તે શું? પણ સાચાને ખોટું કરવું તે ખોટું કર્યું કહેવાય. તે ખોટું કયું ને સાચું કયું? તો

મૂળપ્રકૃતિ પર્યંત બધુ ખોટું છે અને તેથી પર બ્રહ્મકોટી, અક્ષરકોટી, શ્રીજીમહારાજનું તેજ અને અનંત ઐશ્વર્ય તે સાચા છે. તેને પણ મૂકીને એક શ્રીજીમહારાજની મૂર્તિમાંજ નિમગ્ન રહેવાય ત્યારે છેલ્લી અવધિ આવી જાણવી.

૫૩. ધ્યાન કરતાં જ્ઞાન શ્રેષ્ઠ છે અને બેય હોય તે વિશેષ શ્રેષ્ઠ છે. અને સમાધિ કરતાં અખંડ સ્મૃતિ વિશેષ છે અને અખંડ સ્મૃતિવાળાથી ઉપશમ દશાવાળો વિશેષ છે અને તેથી અખંડ મૂર્તિ દેખે તે સ્વરૂપનિષ્ઠાવાળો કહેવાય તે શ્રેષ્ઠ છે. તે જ્ઞાન આપીને મોક્ષ કરે.

૫૪. માયિકમાંથી માયિક સુખ મળે છે તો દિવ્યમાંથી દિવ્ય સુખ મળે તેમાં શું કહેવું?

૫૫. આપણા મંદિરમાં બીજા અવતારોની મૂર્તિ છે એમ ન જાણવું. આપણા મંદિરમાં તો શ્રીજીમહારાજ પોતે છે. તે ઘણા જીવોના સમાસ અર્થે વેષાન્તર કરીને દર્શન આપે છે, પરંતુ ધ્યાન તો પોતે શ્રી સહજાનંદ સ્વામી તથા હરિકૃષ્ણ મહારાજ તથા ઘનશ્યામ મહારાજ એવા નામની પધરાવી છે તે મૂર્તિઓનુંજ કરવું.

૫૬. ભગવાન તથા મુક્ત તો માયિક પદાર્થની વિસ્મૃતિ તેને

નિરાવરણ દૃષ્ટિ તથા ઉપશમ અવસ્થા કહે છે.

૫૭. દેહ પડવાનો થાય તોપણ આનંદ થાય તો પરિપકવ નિશ્ચય જાણવો.

૫૮. શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ થઈ રહેવું. આ સાકરની ગુણ આવી છે, તેને લુણ ન માનશો.

૫૯. શ્રીજીમહારાજે ગોપાળાનંદ સ્વામીને કહ્યું, ''અનંતધામના મુકતો તથા અધિપતિઓ જેવી મારી મૂર્તિ છે, જેવો મારો મહિમા છે, જેવું મારૂં સામર્થ્ય છે તેને જાણે ત્યારે અમારો ને તમારો દાખડો લેખે આવે.''

૬૦. ધામમાં અથવા મૂર્તિમાં ગયા કેડે હું અનાદિનો અહિ જ છું એમ જણાય છે. પણ બીજું કાંઈ સાંભરતું નથી.

૬૧. અક્ષરધામમાં મૂર્તિ છે, તે જ પ્રતિમા છે પણ એક રોમનો ફેર નથી, જો ફેર જાણે તો દ્વેષ કર્યો કહેવાય.

૬૨. મૂર્તિમાં મુકતોને એકબીજાની રોકાણ થતી નથી. મૂર્તિમાં મુક્ત સુખ લીધાજ કરે છે તેમાં એકબીજાનું આવરણ નથી. તે સર્વે મુક્ત મૂર્તિમાં લુબ્ધ છે.

૬૩. જેને જ્ઞાન હોય તેને મહારાજ અને મુક્ત કોઈ કાળે પરોક્ષ થાય તેમ નથી.

# ૯. વૈરાગ્ય

## શ્રીમુખવાણી

* જયારે આત્મનિષ્ઠા હોય અને ભગવાનની મૂર્તિનું યથાર્થ જ્ઞાન હોય પછી એમ વિચારે જે, હું તો આત્મા છું, સચ્ચિદાનંદરૂપ છું અને પિંડ-બ્રહ્માંડ તો માયિક છે અને નાશવંત છે, માટે હું કયાં અને એ પિંડ-બ્રહ્માંડ કયાં! અને મારા ઈષ્ટદેવ જે પુરૂષોત્તમ ભગવાન તે તો અનંતકોટી બ્રહ્માંડના આધાર જે અક્ષર તે થકી પણ પર છે, તે ભગવાનનો મારે દૃઢ આશરો થયો છે. એવા વિચારમાંથી જે વૈરાગ્ય ઉદય થાય તે વૈરાગ્ય જ્ઞાને યુક્ત કહેવાય ને એ વૈરાગ્યનો કોઈ કાળે નાશ થાય નહિ. *(ગઢડા પ્રથમ-૭૩).*

* જયારે ભગવાન સંબંધી સુખમાં દૃષ્ટિ પહોંચે ત્યારે જેટલું માયિક સુખ છે તે સર્વે થકી વૈરાગ્ય પામે છે ને એક ભગવાનની મૂર્તિમાં જ હેત થાય છે એ વૈરાગ્યનું સ્વરૂપ છે. *(ગઢડા મધ્ય-૧૦).*

* જેટલી ભગવાનને વિષે નિષ્ઠા છે તેટલો જ એ ભક્તના હૃદયમાં વૈરાગ્ય આવે છે. માટે બીજા સાધનના બળને ત્યજીને એકલું ભગવાનની ઉપાસનાનું બળ રાખવું *(ગઢડા પ્રથમ-૫૬)*.

## શ્રી અબજવાણી

૧. રૂપ, રસ, આદિકમાં લેવાય નહિ, ત્યારે સિદ્ધિઓ જીતી કહેવાય.

૨. દેહાભિમાન ટળી જાય તો મહારાજને વિષે અને અનાદિમુક્તને વિષે આત્મબુધ્ધિ થાય.

૩. મહાપ્રભુજીનું સુખ જેને લેવું હોય તેણે ખાધા-પીધાના, માન-મોટ્યપના રાગ ટાળવા જોઈશે, તો મૂર્તિમાં ઉપશમ થશે.

૪. જમવા બેસવું તે ઘણી વાનગીઓ હોય તે પડી મૂકવી ને એક વસ્તુજ જમી લેવી.

૫. સર્વે ઈન્દ્રિયોને વશમાં રાખે તે વનમાં ગયો જાણવો.

૬. રસના આદિ વિષયમાં લેવાવું નહીં. એતો બીજો જન્મ ધરાવે એવું પાપ છે.

૭. દેહને ખોટો કરીએ તો તે ભેળી જેટલી અસત્ય વસ્તુ છે તે સર્વે ખોટી થઈ જાય, જો એક મહારાજની મૂર્તિ આવી તો સર્વે વસ્તુ હાથ આવી.

૮. મહારાજની મૂર્તિનું નિરંતર ચિંતવન કરવાથી ગમે તેવા કામાદિક શત્રુ બળિયા હોય તો પણ નાશ થઈ જાય છે.

૯. શ્રીજીનો અને મોટાનો મહિમા બરાબર સમજાય તો પંચવિષય પ્રયાસ વિના જીતાઈ જાય.

૧૦. સાધુને ચેલા, પદાર્થ, આસન, પૂજા, પ્રતિષ્ઠા એ વિઘ્ન છે અને ગૃહસ્થને છોકરા, સંબંધી, દ્રવ્ય, ખેતર, મેડી, કીર્તિ એ વિઘ્ન છે.

૧૧. મૂર્તિના સુખરૂપ મહારસનું પાન મેલી પ્રકૃતિના કાર્યમાં કુટાવું નહિ.

૧૨. મૂર્તિમાં રહે તેને મારું નહિ, તારું નહિ, સાધુ નહિ, ગૃહસ્થ નહિ. એને કાંઈ જોઈએ જ નહિ.

૧૩. બ્રહ્માંડ, સિદ્ધિઓ, ઐશ્વર્ય એ આદિક જે જે શ્રીજીમહારાજનો વિયોગ કરાવનાર છે તે, દેહને ખોટો કરીએ તો તેના ભેળા સર્વ ખોટા થઈ જાય છે.

૧૪. રસાસ્વાદ જીવનું બહુ બગાડે છે તેથી રસાસ્વાદ મુકે તો મોટાના સમાગમનું સુખ આવે.

૧૫. આ લોકમાંથી ઉદાસ થાય તેને દેહભાવ ટળી જાય છે અને એને દેશકાળના વિષમપણામાં ખસી નીકળવાની જરૂર નથી.

૧૬. ભગવાનના ભક્તને સદા અંતઅવસ્થા જેવું સમજવું કેમ કે દેહનો નિરધાર નથી. આ ક્ષણ, આ ઘડીમાં જરૂર મરવું છે.

૧૭. રાગરૂપી મંદવાડ ટળ્યા વિના શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ આવે નહીં.

૧૮. શ્રીજીમહારાજનો રાજીપો જે પંચવિષયનો અભાવ કરે અને પુરુષપ્રયત્ન કરે તે ઉપર જ થાય છે અને પછી કૃપા કરે છે માટે પંચવિષયનો અભાવ કર્યા વિના છૂટકો નથી.

૧૯. પ્રકૃતિપુરુષોના કાર્યમાંથી અને તેના વૈભવમાંથી લુખા થાવું, તેમજ બ્રહ્મકોટી અને અક્ષરકોટીના ઐશ્વર્યમાંથી અને એમના સુખમાંથી લુખા થાવું અને છેવટે શ્રીજીમહારાજના મૂર્તિનું તેજ જે અક્ષરધામ તેમાં પણ સુખ ન માનવું. એક શ્રીજીમહારાજની મૂર્તિમાંજ સુખ માનવું અને હેત કરવું તો શ્રીજીમહારાજ અને મોટા રાજી

થઈને કૃપા કરે અને પોતાના તુલ્યપણાને પમાડે છે.

૨૦. રાગરૂપી મંદવાડ (રોગ) ટાળ્યા વિના શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ આવે નહિ. માટે માનરૂપી રોગ, લોભરૂપી રોગ, કામરૂપી રોગ એ સર્વે મુકીને મહારાજના સ્વરૂપમાં જોડાઈ જવું.

૨૧. પંચભૂતનો દેહ તે બ્રહ્મરાક્ષસ જેવો છે તે કાંઈ ને કાંઈ માંગ્યા જ કરે, માટે તે ભૂતને વશ કરવું અને મહારાજની આજ્ઞા પાળવામાં યુક્તિ ન કરવી.

૨૨. દેહ જડ છે તોય જીવને છેતરી જાય છે અને ચાળાચુંથણો પણ છે માટે એને નાશવંત ને દુઃખરૂપ જાણી દેહરૂપ વર્તવું નહિ.

૨૩. દેહ તો બહુરૂપી છે. તે એક દિવસ સાજો ને એક દિવસ માંદો. જો આપણે એના સામી દૃષ્ટિ રાખીયે તો ભગવાન ભૂલાવે એવો છે. માટે દેહનો અનાદર કરવો.

૨૪. જો મૂર્તિમાં ઊંડા ઉતરી જવાય તો તાવની કે કોઈ રોગની પીડા વર્તાય જ નહિ.

૨૫. વૈભવ એકેય મેલાય નહિ ને મૂર્તિ ખપે તે કેમ મળે? આ દેહનું સુખ ભેળું રાખવું અને મૂર્તિનું સુખ લેવું તે થાય નહીં.

૨૬. પુસ્તક, ચેલા, ધર્માદા આદિક નવા નવા ચરિત્ર કરવા તે સર્વે ધામધૂમ છે. તેને મૂકીને મૂર્તિમાં જોડાઈ જવું.

૨૭. ત્યાગી થવા નીકળ્યા ને સ્વભાવ, સિદ્ધિઓ, જડમાયા (દ્રવ્ય), ચૈતન્ય માયા (સ્ત્રી અને સંબંધી), માન, ક્રોધ, એ આદિકમાં બંધાઈ રહે તો મૂર્તિ સુધી પહોંચાય નહીં.

૨૮. ધણીના દરબારમાં બધી વસ્તુ છે પણ ભોગવવી નહિ ને રસના ઈન્દ્રિયને તો વિશેષે કરીને નિયમમાં રાખવી.

૨૯. જેને મૂર્તિમાં જોડાવું હોય તેને તો કાર્યમાત્રને વિસારીને એક મૂર્તિમાં જ દૃષ્ટિ રાખવી.

૩૦. દ્રવ્ય તો કાળા નાગ જેવું છે એ પાપ તો ફગાવી દેવું અને ધોતિયા તો કોઠારમાં દેવસેવામાં આપી દેવા ને એક મૂર્તિ રાખવી.

૩૧. જડમાયા જે દ્રવ્ય અને ચૈતન્ય માયા જે સ્ત્રી તેનો સંકલ્પ થવા દેવો નહિ, તો રખાય કે રખાવાય કેમ?

૩૨. ઘાટ ઉપજે તેને સમાવી દે તે સંત કહેવાય ને ન ઉપજે તે ભગવંત એટલે ભગવાન જેવા કહેવાય.

# ૭. ભક્તિ

## શ્રીમુખવાણી

* જે ભક્ત ઉપરથી તો ત્યાગી ને નિષ્કામી જણાય છે પણ ભગવાનની મૂર્તિ વિના બીજી આત્મદર્શનાદિક પ્રાપ્તિની હૃદયમાં ઈચ્છા છે માટે એ સકામ ભક્ત કહેવાય ને એને પરલોકને વિષે જરૂર ન્યૂન સુખની પ્રાપ્તિ થાય છે. અને બીજો ભક્ત ઉપરથી તો સકામ જેવો જણાય પણ એ ભક્ત ભગવાનની મૂર્તિ વિના અંતરમાં બીજું કાંઈ ઈચ્છતો નથી, અને ભગવાનની મૂર્તિ વિના બીજા સુખની ઈચ્છાનો ઘાટ થઈ જાય ત્યારે અતિશે મનમાં દાઝે છે. માટે એ નિષ્કામ ભક્ત કહેવાય. તે જયારે દેહને મૂકે ત્યારે બહુ મોટા સુખને પામે છે. (ગઢડા અંત્ય-૫)
* જે મોટા પુરુષ છે, તેમની સેવા જે પોતપોતાના ધર્મમાં રહીને મન-કર્મ-વચને કરે તો તે જીવના હૃદયમાં માહાત્મ્યે સહિત ભક્તિ આવે છે. (વરતાલ-૩)

* જેમ ભગવાનની માનસીપૂજા કરે તેમ જે જે ઉત્તમ હરિભક્ત હોય તેની પણ ભગવાનની પ્રસાદીએ કરીને ભગવાન ભેળી માનસીપૂજા કરે અને જેમ ભગવાનને અર્થે થાળ કરે તેમજ જે ઉત્તમ જે ભગવાનના ભક્ત તેને અર્થે પણ થાળ કરીને તેને જમાડે અને જેમ ભગવાનને અર્થે પાંચ રૂપિયાનું ખર્ચ કરે તેમજ તે મોટા સંતને અર્થે પણ ખર્ચ કરે. એવી રીતે ભગવાન અને ઉત્તમ લક્ષણવાળા જે સંત તેની અતિ પ્રેમે કરીને સરખી સેવા જો કરે તો તે કનિષ્ઠ ભક્ત હોય અને અનેક જન્મે ઉત્તમ ભક્ત થનારો હોય, તે આ ને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે. (વરતાલ-૫)

## શ્રી અબજવાણી

૧. એક તો વિદ્યાએ કરીને મોટાઈ હોય અને એક વયે કરીને મોટાઈ હોય પણ મૂર્તિમાં જોડાય તે મોટપ ખરી.

૨. જેમ શ્રીજીમહારાજની મૂર્તિનું સમીપપણું તેમ વિધિ વધારે કરવો જોઈએ.

૩. બીજે આ પુરુષોત્તમ ભગવાનની ઉપાસના નથી, તેથી તે ધામ ન્યૂન છે. ત્યાં પાર પડતું નથી. એમ જાણી ઉપાસના દઢ કરવી.

૪. પોતાને જમવાની તથા પહેરવા ઓઢવાની વસ્તુઓ શ્રીજીમહારાજની મૂર્તિની પ્રસાદીની કરીને વાપરવી. જો ભકતને અતિશય ભાવ હોય તો તેનો ભાવ જોઈને ભગવાન એ માયિક વસ્તુને દિવ્ય નિર્ગુણ કરીને અંગિકાર કરે છે.

૫. અખંડ સ્મૃતિ તો પ્રત્યક્ષ ભગવાનનાં દર્શન તુલ્ય છે.

૬. કારણ મૂર્તિ હાથ આવે તેને કાર્યની જરૂર રહેતી નથી.

૭. મલિન અંતઃકરણ હોય તો ભૂત, પ્રેત, વાઘરા બધાય નડે. સ્વામિનારાયણ પધરાવી દીધા હોય તો તે કોઈ આવે જ નહિ.

૮. આ જીવને ખાવાપીવાનું સર્વે સાનુકૂળ હોય છતાં ભગવાન ભજી ન શકે એ તો અજ્ઞાન જ કહેવાય.

૯. દયાએ કરીને પુરુષોત્તમનારાયણની મૂર્તિમાં જોડાવું. આ નક્કી કરવું જોઈશે. હરામના સમ ખાઈને કરવું જોઈશે.

૧૦. સાધને કરીને કલ્યાણ લેવું તે તો દહાડી કર્યા જેવું છે

અને આશરે આવીને દેહ, મન અને જીવ સોંપી દે, તો કલ્યાણ થાય તેમાં કાંઈ વાર લાગે નહિ.

૧૧. મહારાજની મૂર્તિમાંથી નવીન નવીન ખૂશ્બો છૂટે છે. અનાદિ તો રસબસ થકા રોમરોમના સુખ લે છે.

૧૨. ભજન કરે તે ભક્ત અને મૂર્તિમાં રહે તે મુક્ત કહેવાય.

૧૩. કામકાજ કરતા મૂર્તિમાં વૃત્તિ રાખવી પણ ક્રિયારૂપ થઈ જવું નહીં.

૧૪. સાધન છે તે માંગેલા ઘરેણાં છે તે કોઈક લઈ પણ જાય માટે સાધનનો ભાર રાખવો નહિ. પ્રસન્નતાના સાધન કરવા એટલે પોતાના મનનું ગમતુ મૂકી દઈને શ્રીજીમહારાજ અને મોટાની અનુવૃત્તિમાં રહેવુ, એના જેવું સાધન કોઈ નથી.

૧૫. શ્રીજીમહારાજ જડ વસ્તુને બદલે દિવ્ય સુખ આપે છે.

૧૬. બે મહિના ઠાકોરજીને ન જમાડીયે તો દેહ રહે નહીં તે દેહ રાખવાનું જેટલું જતન છે તેટલું જો મૂર્તિનું જતન કરે તો મૂર્તિ સાક્ષાત્ થાય.

૧૭. શ્રીજીમહારાજના ખરા ભક્ત હોય તે મહારાજ વિના ઔષધ, વૈદ્ય, ચોઘડીયું, મુહૂર્ત આદિ કોઈને કર્તા ન

જાણે તે છેલ્લા મુદ્દાની વાત છે. ક્રિયમાણ કરવું પડે તે કરવું પણ તેનો ભાર રાખવો નહિ, તેમાં મહારાજની મરજી હોય તો મટે એમ જાણીને કરવું પણ ક્રિયમાણરૂપ ન થવું. એક મહારાજને કર્તા જાણવા.

૧૮. જે આજ્ઞા પાળે છે તેની સેવા કરે તો શ્રીજીમહારાજ તેમાં રહીને એ સેવા અંગિકાર કરે છે. જે અનાદિમુક્ત છે તથા પરમએકાંતિક છે, તેમની અને શ્રીજીમહારાજની સેવા તો એક જ છે પણ જુદી નથી.

૧૯. પરોક્ષ જે રામ-કૃષ્ણાદિક ભગવાનને યથાર્થપણે ભજનારા ભક્તને શ્રીજીમહારાજ સત્સંગમાં જન્મ ધરાવીને પોતાની ઉપાસના સમજાવી અક્ષરધામમાં લઈ જાય છે.

૨૦. જેને ભગવાનને વિષે હેત હોય તેને કીર્તન-ભક્તિ બહુ શ્રેષ્ઠ છે. તે કીર્તન મૂર્તિ સંભારીને બોલવા.

૨૧. મહારાજ અને મોટા મુક્ત અદૃશ્ય હોય પણ તેમને ખરા ભાવથી સંભારે તો પ્રત્યક્ષના જેવું ફળ આપે.

૨૨. બે વાગ્યે વહેલા ઊઠીને માળા કરવી, ધ્યાન કરવું, કીર્તન કરવા પણ સુઈ ન રહેવું.

# ૮. અંતરદૃષ્ટિ - ધ્યાન

## શ્રીમુખવાણી

* અંતરદૃષ્ટિ તે શું? તો બાહેર અથવા માંહીલી કોરે ભગવાનની મૂર્તિ સામી જે વૃત્તિ કરવી એ જ અંતરદૃષ્ટિ છે અને તે વિના તો અંતરદૃષ્ટિ કરીને બેઠો છે પણ બાહ્યદૃષ્ટિ જ છે, માટે બાહેર ભગવાનનું દર્શન તથા પૂજન તથા ભગવાનના કથા-કીર્તન એ આદિક જે જે ભગવાન સંબંધી ક્રિયાઓ હોય તે સર્વે અંતરદૃષ્ટિ છે અને તે જ ભગવાનની મૂર્તિને અંતરમાં ધારીને તેનું પૂજન-વંદનાદિક જે જે કરવું તે પણ અંતરદૃષ્ટિ છે અને જ્ઞાનયજ્ઞ છે. *(ગઢડા મધ્ય-૮)*

* દૃષ્ટાને અને દૃશ્યને મધ્યે જે વિચાર છે તે વિચારે કરીને એમ સમજવું જે દૃષ્ટા અને દૃશ્ય તે અતિશે જુદા જ છે, એમ સમજીને દેહના ભાવ તે દેહને વિષે હોમવા અને દૃષ્ટા જે ચૈતન્ય તેના ભાવ તે ચૈતન્યને વિષે હોમવા અને આત્માના ભાવ છે તે કોઈ કાળે દેહને વિષે સમજવા નહિ; એ ગુણ તો આત્માના વિષે જ

સમજવા. ને એવો જે વિચાર તે જ્યાં સુધી ઘાટ-સંકલ્પનું બળ હોય ત્યાં સુધી મુકવો નહિ અને જયારે મન-ઈન્દ્રિયોના ઘાટ સર્વે શમી જાય ત્યારે પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન કરવું (સારંગપુર-૧૨).

* જે ભગવાનના પ્રતાપને વિચારીને અંતરદષ્ટિ કરે છે તે તો પોતાના સ્વરૂપને અતિશય ઉજ્જ્વળ પ્રકાશમાન જુએ છે અને તે પ્રકાશના મધ્યે પ્રત્યક્ષ એવા જે પુરૂષોત્તમ ભગવાન તેની મૂર્તિને જુએ છે. *(ગઢડા પ્રથમ-૨૦)*

## શ્રી અબજવાણી

૧. જેને મૂર્તિનું સુખ લેવું હોય તેને તો બધી તાણાતાણ મૂકી મહારાજનું ધ્યાન કરવું.

૨. અંતર્વૃત્તિવાળાને જેવો શ્રીજીમહારાજનો મહિમા રહે છે તેવો બહારવૃત્તિવાળાને રહેતો નથી માટે અંતરવૃત્તિનું સુખ વિશેષ છે.

૩. સાધનદશાવાળાને કથા-વાર્તા, ધ્યાનમાં પોષણ આપે

છે. સિદ્ધદશાવાળા  તો મૂર્તિથી બહાર નીકળતા જ નથી.

૪. ઈન્દ્રિયો અતંઃકરણનો પ્રતિહાર કરે તો મૂર્તિમાં જોડાવાનો પ્રયાસ કરવો પડે નહિ, સહેજે મૂર્તિમાં વૃત્તિ રહે.

૫. મહામુકતના જોગ આગળ સાધન તો દાડિયુ કરવા જેવું છે અને મોટાની કૃપા મેળવી ધ્યાન કરવું તે તો રાજ્ય જીતવા જેવું છે.

૬. જયારે જીવસત્તાએ મૂર્તિ જોવાય છે ત્યારે મૂર્તિથી ઓરૂં જ્ઞાન રહેતું નથી અને ક્રિયા મહારાજની ઈચ્છાથી થાય છે.

૭. માનસીપૂજામાં (ધ્યાનમાં)સર્વે ક્રિયા પોતાના ચૈતન્યમાં કરાવવી પણ જુદા જુદા સ્થાન કલ્પવા નહિ.

૮. મૂર્તિમાં અખંડ તેલધારા વૃત્તિ રાખવી.

૯. શ્રીજીમહારાજનું ધ્યાન કરવાથી કારણ દેહ શેકાય છે પણ તપ આદિક સાધને કરીને કારણદેહ શેકાય નહિ.

૧૦. આ જીવને ધ્યાનમાં અંતરાય કરનારા દેહ, ઈન્દ્રિયો,

અંતઃકરણ, સ્વભાવ, પ્રકૃતિ અને સંગદોષ છે તેને ઘસારો દઈને આ કામ કરી લેવું.

૧૧. ભગવાનના સ્વરૂપમાં અખંડવૃત્તિ રાખવી તો જ ભક્ત કહેવાય, જ્યાં સુધી ભગવાનની મૂર્તિમાં અખંડ વૃત્તિ ન રહે ત્યાં સુધી માયાના ગુણ ટળે નહિ અને દુઃખિયો મટે નહિ.

૧૨. કથા-વાર્તા, માળા, કીર્તન, માનસીપૂજા કરે પણ ધ્યાનમાં ન બેસાય તે મનુષ્યભાવે મહિમા સમજયો છે અને ધ્યાનમાં ને ધ્યાનમાં રહે તે દિવ્યભાવે મહિમા સમજયો છે.

૧૩. જીવની વૃત્તિએ કરીને ભગવાન જોવા. ઈંદ્રિયો અંતઃકરણનો પ્રતિહાર કરતા મૂર્તિમાં જોડાવાનો પ્રયાસ કરવો નહિ પડે ને સ્હેજે મૂર્તિમાં વૃતિ રહેશે ને મૂર્તિ સળંગ ધરાશે.

૧૪. જયાં સુધી સાધનનો ભાર હોય ત્યાં સુધી ધ્યાન કરે તો પણ મૂર્તિ દેખાય નહિ અને સત્સંગ પણ દિવ્ય સમજાય નહિ.

૧૫. આત્માને તેજોમય જોયા કરવો ને તેમાં મહારાજની મૂર્તિ

જોયા કરવી, એમ ને એમ ધ્યાન કરતા કરતા કારણ શરીર બળી જાય ને માયા નાશ પામી જાય. એ અભ્યાસ હંમેશા કરવો પણ પ્રવૃત્તિમાં ભળી જવું નહીં.

૧૬. જીવ શ્રીજીમહારાજની મૂર્તિનું ધ્યાન કરે તો મૂર્તિનો સાક્ષાત્કાર છતે દેહે થાય અને ધ્યાન ન કરે તો અંત સમયે મોટા મૂર્તિનો મેળાપ કરાવે.

૧૭. મહારાજ અને મોટાની આજ્ઞા બરાબર પાળવી. ઉપાસના પરિપકવ સમજવી અને ધ્યાને કરીને મૂર્તિમાં જોડાવું.

૧૮. ધ્યાન કરતાં મહારાજના મસ્તકમાં મસ્તક, હાથમાં હાથ એમ રસબસ રહેવાય ત્યારે હીરે હીરો વેંધાણો કહેવાય.

૧૯. જીવ સત્ય ચૈતન્ય વસ્તુ છે. એ જીવ માયામાં નિરાકાર છે તે શ્રીજીમહારાજના ધ્યાને કરીને શ્રીજીમહારાજના જેવો દિવ્ય સાકાર થાય છે.

૨૦. માયિક પદાર્થની વાસના તે કારણ શરીર જાણવું. કારણ શરીર વજસાર જેવું છે તે શ્રીજીમહારાજના ધ્યાને કરીને ટળે છે. અને નાના પ્રકારના ઐશ્વર્યના રાગ તેને મહાકારણ કહેવાય, તે મહાકારણ શ્રીજીમહારાજના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય ને તે મૂર્તિમાં આપોપું થાય

ત્યારે ટળે છે.

૨૧. પ્રત્યક્ષ મૂર્તિ સામું જોઈ રહેવું તે જોતાં જોતાં આંખમાંથી પાણીની ધારા ચાલે ત્યાં સુધી જોવું. એમ ખરેખર અંતરદષ્ટિથી જોઈ રહેવું.

૨૨. બહારવૃત્તિએ કરીને કાર્ય જોવાય છે અને અંતરવૃત્તિએ કરીને કારણ જોવાય છે.

૨૩. સર્વે સાધનનું ફળ શ્રીજીમહારાજની મૂર્તિ છે તેનું ધ્યાન કરે તો સુખમય આનંદમય ફુવારા છુટે.

૨૪. મહારાજ અને મુક્ત સદાય આપણી ભેળા જ છે. તે જરાવાર પણ જુદા પડતા નથી એમ જાણીને મહારાજ તથા મોટા મુક્તનો અંતરદષ્ટિ કરીને નિરંતર જોગ કર્યા કરવો.

૨૫. ધ્યાન કરવામાં દાખડો કરવાનો આગ્રહ હોય તેને મોંઘી વસ્તુ જે મહારાજની મૂર્તિ તે મળે છે.

૨૬. ધ્યાન તો જરૂરાજરૂર કરવું જોઈશે તે કર્યા વિના છૂટકો નથી. જો ધ્યાનનો આગ્રહ કરે તો છ મહિનામાં ઝળળળ તેજમાં મૂર્તિ દેખાય.

૨૭. ધ્યાનની લટક એવી શીખવી જે મહારાજની મૂર્તિમાં

રહી સુખ લેવું અને બોલે છે, ચાલે છે તે તો મહારાજ કરે છે.

૨૮. એક કલાક બેસવા ધાર્યુ હોય તો બે કલાક થઈ જાય એમ ધ્યાન કરવું. કારણ મૂર્તિનું ધ્યાન કર્યા વિના ચાલોચાલથી મૂર્તિનું સુખ ન આવે. આગ્રહ હોય તો ધ્યાનમાં બેસાય ને મહારાજનો સાક્ષાત્કાર થાય એવો મૂર્તિનો પ્રતાપ છે.

૨૯. સત્સંગીને કથાવાર્તા કરવી તે તો ચારો છે પણ અખંડ મૂર્તિમાં રહેવું તે જ કરવાનું છે. આ તો નક્કી કરવું જોઈશે. જ્યારે મહિમાની વાતો કરીએ ત્યારે સૌને સારી લાગે છે અને ધ્યાન કરવાની વાતો કરીએ ત્યારે સૌ અટકી પડે છે. પણ તે કર્યા વિના છુટકો નથી. આ જોગમાં રહીને ધ્યાન કરીને મૂર્તિ સિદ્ધ નહિ કરે તો મહારાજના ને મોટાના ગુન્હેગાર થાશે. જો ધ્યાનનો આગ્રહ કરે તો છ મહિનામાં ઝળળળ તેજમાં મૂર્તિ દેખાય અને સાક્ષાત્કાર થઈ જાય અગર છ મહિનાની માંહે પણ મૂર્તિ સિદ્ધ થઈ જાય. આ દેહે શું ન થાય?

# ૯. દિવ્યભાવ

## શ્રીમુખવાણી

* જેવી શ્વેતદ્વીપમાં સભા છે અને જેવી ગોલોક, વૈકુંઠલોકને વિષે સભા છે અને જેવી બદ્રિકાશ્રમને વિષે સભા છે, તેથી પણ હું આ સત્સંગીની સભાને અધિક જાણું છું અને સર્વે હરિભક્તને અતિશે પ્રકાશેયુક્ત દેખું છું. એમાં જો લગાર પણ મિથ્યા કહેતા હોઈએ તો આ સંતસભાના સમ છે. તે સમ સા સારું ખાવા પડે છે જે સર્વેને એવું અલૌકિકપણું સમજાતું નથી અને દેખવામાં પણ આવતું નથી. *(ગઢડા અંત્ય- ૨)*
* આ ભગવાનને વિષે જેને દિવ્યભાવ છે તેને પૂરો નિશ્ચય જાણવો. માટે ભગવાનને વિષે તો મનુષ્યભાવ ન પરઠવો, અને ભગવાનના ભકતને વિષે પણ મનુષ્યભાવ ન પરઠવો. અને આ જે વાત છે તે સુઝે તો આજ સમજો તો એટલી સમજવી છે ને સૂઝે તો સો વર્ષે કરીને સમજો તો પણ એટલી સમજવી છે અને આ વાત

સમજીને એની દૃઢતાની ગાંઠ પાડયા વિના છૂટકો નથી, માટે આ અમારી વાત છે તે સર્વે હરિભક્તને યાદ રાખીને પરસ્પર કરવી અને અણસમજણે કરીને ધોખો થાય ત્યારે તેને આ વાતે કરીને ચેતાવી દેવો અને આ જે અમારી વાર્તા છે તેને નિત્ય પ્રત્યે દિવસમાં એકવાર કરવી એમ અમારી આજ્ઞા છે તેને ભૂલશો મા, જરૂર ભૂલશો મા. *(લોયા-૧૮)*

## શ્રી અબજવાણી

૧. જે જે મહારાજના સંબંધને પામ્યા તે સર્વે દિવ્ય છે, એમ સર્વત્ર દિવ્યભાવ રાખવો અને નિયમ-ધર્મે કરીને પાત્ર થવું.

૨. આ સભામાં મહારાજ તથા અનાદિ બિરાજે છે. આ તો અક્ષરધામની સભા છે એવો દિવ્યભાવ રાખવો.

૩. આ સભાનો અક્ષરધામની સભા જેટલો મહિમા સમજાય તો દેહ મૂકીને છેટે જાવું નથી.

૪. આજ્ઞા અને ઉપાસના દૃઢ કરવા અને આ પ્રતિમા તથા સંત દિવ્ય સમજવા તો શ્રીજીમહારાજ આ ફેરે જ મોક્ષ કરશે.

૫. માળામાં મણકાનો દોરો જૂદો દેખાય તે માયિકભાવ છે ને સળંગ દેખાય તે અનુભવજ્ઞાન છે.

૬. માયિકભાવવાળાને મતે અક્ષરધામમાં મૂકી આવ્યા એમ છે અને દિવ્યભાવવાળાને મતે પાસે રાખ્યા એમ છે.

૭. મોક્ષના લાખો સાધન લખાયા છે પણ મહિમા અને દિવ્યભાવ જેવી મોટી કોઈ વાત નથી એમ ભગવાનના ભક્તે સમજવું.

૮. અવરભાવમાં મંદિર તે અક્ષરધામ અને મૂર્તિ તે મહારાજ. પરભાવમાંતો 'મહારાજે મૂર્તિમાં રાખ્યા છે- મહારાજ જ છે.'

૯. આ સભા દિવ્ય જાણે છે, તેને માયાનો પડદો ટળી જાય છે.

૧૦. સત્સંગમાં જેને દિવ્ય ભાવ આવે તેને મહારાજ અને મુક્ત સર્વે તેજોમય ભાસે.

૧૧. દિવ્યભાવ થયા વિના જેવા છે તેવા ઓળખાય નહિ. આ સભા અલૌકિક છે, દિવ્ય તેજોમય છે, નિર્ગુણ છે. આ સભાના સંકલ્પ ચાલે છે.

૧૨. અંતઃવૃત્તિએ અને સાંખ્ય વિચારે કરીને દાખડો કરતો જાય તેમ તેમ દિવ્યભાવ જણાતો જાય અને સુખ

આવતું જાય, એમ કરતા જયારે શુદ્ધ પાત્ર  થાય ત્યારે પ્રતિમાના દર્શન, સાક્ષાત્કાર જેવા થાય અને સર્વે મનોરથ પૂર્ણ કરે.

૧૩. મૃત્યુ આડી એક ઘડી રહી હોય અને જો આ પ્રતિમા તે જ સાક્ષાત્ ભગવાન છે પણ ધાતુ પાષાણ નથી અને આ સભા દિવ્ય છે એવું સમજાય તો મહારાજ હડેડાટ ધામમાં તેડી જાય છે.

૧૪. દિવ્યદષ્ટિ થાય તો મહારાજ આ રહ્યા, ક્યાંક હશે એમ નથી. અનંત મુક્ત એ મૂર્તિમાં રહીને સુખ ભોગવે છે. અનંત સન્મુખ રહી સુખ ભોગવે છે. અપરીમ્ અપરીમ્ સુખનું સ્થાન એ મહાપ્રભુ છે.

૧૫. શ્રીજીમહારાજ અને મુક્ત તો આ સભામાં બેઠા છે, એવો વિશ્વાસ રાખીને આ સભામાં બેસે તેનું પુરૂં થાય.

૧૬. અમારો તો આ સિદ્ધાંત છે જે, ‘આ પ્રતિમા સાક્ષાત્ મહારાજ છે અને આ સભા અક્ષરધામની છે’.

૧૭. પ્રતિમાને વિષે દિવ્યભાવ લાવીને તેનું ધ્યાન ભજન કરવું પણ આધુનિકને સંગે કરીને અવળે રસ્તે ચઢી જવું નહીં.

૧૮. મનુષ્યભાવ ટળી જાય ને બીજી તાણ મુકી દે તો દેહ

છતાં સુખ આવે ને મૂર્તિ, સભા અને અક્ષરધામ તે અણુ જેટલુ છેટું ન રહે.

૧૯. મંદિરમાં જે મૂર્તિઓ પધરાવી છે તે સાક્ષાત્ ભગવાન છે માટે મહારાજ અને સંત આજ મળ્યા છે. મળશે એમ ન જાણશો.

૨૦. આ મૂર્તિ અને આ સંત દિવ્ય જાણવા અને મૂર્તિનું ધ્યાન કરવું. તો મૂર્તિ તેજોમય ઝળળળ, ઝળળળ તેજમાં દેખાય. આ સભા અક્ષરધામની છે અને તેથી પર મૂર્તિમાં રહેનારા અનાદિમુક્તની છે. જો ખોટું કહેતા હશુ તો તેનો ગુનો અમને છે પણ જે સાચું માનશે તેને બહુ લાભ મળશે. માટે ભલા થઈને આ વાત માનજો. તો ભેળા હાલશો.

૨૧. શ્રીજીમહારાજ આ લોકમાં પોતાનું તેજ-ઐશ્વર્ય ઢાંકી મનુષ્ય જેવા દર્શન આપે છે તો પણ તે તો જેમ છે તેમને તેમ જ છે. સાકરના નાળિયેરની પેઠે ત્યાગ-ભાગ નથી.

૨૨. આપણે તો જે છે તે અહીં છે. અહીં અક્ષરધામ, મૂર્તિ, મુક્ત સર્વે છે. પણ અક્ષરધામ બીજે છે અને મૂર્તિ બીજે છે એમ ન જાણશો સર્વે અહીં છે.

૨૩. આ કલેવર (દેહ) તો બધાયને સુખિયા કરવા રહયું છે

એમ કહેવાય પણ મહારાજને અને મુક્તને કલેવર જ નથી, એ તો સદાય દિવ્ય મૂર્તિ જ છે.

૨૪. દિવ્યભાવ લાવવો પણ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર એવો ભાવ આ સભાને વિષે ન લાવવો.

૨૫. જેને દિવ્યભાવ હોય તેને તો મહારાજ સદાય પ્રગટ છે. માયિક દૃષ્ટિવાળાને એવું પ્રગટપણું જણાય નહિ. જેણે મૂર્તિઓને દિવ્ય જાણી હોય તે મનુષ્યરૂપે મહારાજ અને મુક્ત વિચરતા હોય તેને જરૂર ઓળખે.

૨૬. બેઠા છો અવરભાવમાં ને છો પરભાવમાં, તે ચામડાના ચક્ષુથી ન દેખાય. દિવ્ય દેહ થશે ત્યારે અનંત લોચન થશે અને તે લોચનથી મૂર્તિ અને અનંત મુકત દેખાશે.

૨૭. અક્ષરધામમાં જે મૂર્તિઓ છે એ જ આ બધી મૂર્તિઓ છે. મૂર્તિઓને ચિત્રામણની કે પાષાણાદિકની કયારેય જાણવી નહીં. સદાય દિવ્ય જાણવી, એમ જાણે એને કાંઈ કરવું રહ્યું નથી.

૨૮. આ સત્સંગમાં જેટલા ગુણ-દોષ દેખાય છે તેટલું નાસ્તિકપણું છે અને દિવ્યભાવ દેખાય છે તેટલું આસ્તિકપણું છે.

૨૯. શ્રીજીમહારાજ દિવ્ય તેજોમય છે. મુક્તનું પણ એવું સમજવું. આ દેખાવ માત્ર મનુષ્ય ભાવ છે.

# ૧૦.કૃપાળુની કૃપા

## શ્રીમુખવાણી

* વડવાનળ અગ્નિ જેવા (મુક્ત) હોય તે તો જેમ વડવાનળ સમુદ્રમાં રહે છે પણ સમુદ્રના જળનો ઓલાવ્યો ઓલાતો જ નથી, અને સમુદ્રના જળને પીને મૂળદ્વારે કાઢી નાખે છે તે પાણી મીઠું થાય છે તેને મેઘ લાવીને સંસારમાં વૃષ્ટિ કરે છે તેણે કરીને નાના પ્રકારના રસ થાય છે, તેમ એવા મોટા પુરુષ જે તે સમુદ્રના જળ જેવા ખારા જીવ હોય તેને પણ મીઠા કરી નાખે છે. તે વડવાનળ અગ્નિ જેવા તો પોતે ભગવાન છે એમ જાણવું. *(વરતાલ-૩).*
* મૂર્તિમાન જે પુરુષોત્તમ ભગવાન તે આત્મા જે દ્રષ્ટા (મૂર્તિનું તેજ) અને આત્મા જેમાં વ્યાપક છે એવું જે દ્રશ્ય (મૂર્તિમાન અક્ષર) એ બેયના આત્માપણે કરીને વર્તે છે. અને મૂર્તિમાન થકા દ્રષ્ટા અને દ્રષ્ય એ બેયના

દૃષ્ટા છે. એવા જે પુરૂષોત્તમ ભગવાન તે જીવના કલ્યાણને અર્થે કૃપાએ કરીને પૃથ્વીને વિષે મનુષ્ય જેવા જણાય છે. તેને જે આવી રીતે સદા દિવ્ય મૂર્તિમાન જાણીને ઉપાસના-ભક્તિ કરે છે તે તો ભગવાનના સાધર્મ્યપણાને પામે છે ને અનંત ઐશ્વર્યને પામે છે અને આ વાર્તા તો જેને એવા ભગવાનના સ્વરૂપમાં સ્થિતિ થઈ હોય તે થકી જ પમાય છે. *(ગઢડા પ્રથમ-૬૪)*

* ભગવાનના ભક્તે જેટલો ભગવાનનો મહિમા જાણ્યો છે અને જેવા પ્રતાપે યુક્ત ભગવાનને જાણ્યા છે તે ભક્ત જ્યારે દેહ મુકીને ભગવાનના ધામમાં જાય છે ત્યારે રૂપ તથા સામર્થી તે એ ભક્તની પણ તેવીજ થાય છે. તો પણ ભગવાનની સામર્થી અને ભગવાનનું સુંદરપણું ઈત્યાદિક જે પ્રતાપ તે એ ભક્તને ભગવાનને વિષે અતિશય જણાય છે. એવી રીતે ભગવાનના ભક્ત ભગવાનના સાધર્મ્યપણાને પામે છે તોપણ સ્વામી સેવકપણું રહે છે. *(ગઢડા મધ્ય-૬૭)*

# શ્રી અબજવાણી

૧. બીજા બધાય કામ ખોટી કરીને આ જોગ કરી લેજો. આ લાભ અક્ષરધામમાં છે કે અહીં છે.

૨. આવા અનાદિમુક્ત મળ્યા એ કાંઈ સાધારણ વાત નથી. અક્ષરધામમાં મળવા જવું હોય તો શું બને?

૩. શ્રીજીમહારાજનો મહિમા તો અનાદિમુક્તોથી પણ પૂરો કહેવાય તેમ નથી. માટે મોટાના વચનમાં શાસ્ત્રની સાખ્ય ન લેવી. મૂર્તિની સભાના કહેનારનું ન માનીએ તો આપણે કઈ જગ્યામાં રહેવું?

૪. આજ મોટા અભયદાન આપે છે તે સર્વે આવરણ ટાળીને મહારાજની મૂર્તિમાં બેસારી દે છે.

૫. આજ મહારાજ ને મુક્ત શ્વાંત વરસાવે છે. તેને જો અધ્ધરથી ઝીલે તો મૂર્તિના સુખે સુખી થવાય.

૬. આ વખતે મૂર્તિનો સાક્ષાત્કાર થઈ જાય તેવું છે. આ ટાણે સાક્ષાત્કાર નહિ કરો તો પછી કોણ કરાવશે? આવી વાત પછી કોણ કરશે? માટે આ કરો, આ કરો, બીજું સર્વે પડયું મૂકો. મૂર્તિ આવી તો બધું આવ્યું. પણ

કાર્યમાં તાન છે તેટલું કારણમાં થાતું નથી. તે બહુ ખોટ છે.

૭. કાંઈ એક બેનું કલ્યાણ કરે એવા અમે નથી પણ નજરે ચડયા એ બધાયનું કલ્યાણ છે. મનવારો ભરીને મહારાજ અને અનાદિમુક્ત જીવને લઈ જાય છે.

૮. તમે ઘણા ખોખાની (દેહધારીની) સેવા કરી હશે, પણ આ સેવા બહુ મોંઘી છે. આ તો કીડી કુંજરનો મેળાપ છે.

૯. વચનામૃત રહસ્યાર્થ શ્રીજીમહારાજના સંકલ્પથી થયું છે. અમે તો નિમિત્ત માત્ર છીએ.

૧૧. તમે કહો અને હરિભક્તો રાજી થાય તેમ કરીએ છીએ પણ અમારે તો મૂર્તિનો ઠરાવ છે. અમે અહીં એટલા માટે આવ્યા છીએ.

૧૦. અમારો તો એવો સિધ્ધાંત છે જે અધમ જેવા જીવ હોય તેને પણ મૂર્તિમાં મૂકી દેવા.

૧૨. દેહધારી અમારા વર્તનથી મૂંઝાતા હોય તેનો પણ અમારે મોક્ષ કરવો છે. અમારે તો જીવને ઠેઠ મહારાજની મૂર્તિમાં મૂકવા છે.

૧૩. તમારે કારણ શરીર ક્યાં છે? તમને તો અતિ મોટા કર્યા છે અને મૂર્તિમાં જ રાખ્યા છે.

૧૪. અમારા વિષે દોષ પરઠે તોય અમે એવું કાંઈ મનમાં લાવતા નથી. અમે તો એમનેય જમાડીયે છીએ અને તેનું કલ્યાણ પણ કરીએ છીએ. એવી અમારી આવડત છે.

૧૫. અમે માંદા નથી, અમે તો અનંત જીવના મંદવાડ મટાડવા આવ્યા છીએ.

૧૬. અમે તો ડુંગરામાં રખડીએ છીએ પણ તમારા કલ્યાણ કરવા આવ્યા છીએ એમ જાણજો.

૧૭. અમે અને આ સર્વે સંત અક્ષરધામમાંથી આવ્યા છીએ. આ સંત પણ મહારાજની મૂર્તિમાં રહેનારા અનાદિમુક્ત છે.

૧૮. આ અક્ષરધામમાં દિવ્ય ચંદન ચર્ચાય છે અને ચર્ચનાર અક્ષરધામના ધામી શ્રીજીમહારાજની મૂર્તિમાં રહેનારા અનાદિમુક્ત છે.

૧૯. અમે તો એવો જ આશીર્વાદ દઈએ છીએ કે બધોય સત્સંગ સાજો આબાદ ભગવાન પાસે જાય અને બધાય અનાદિમુક્તની પંક્તિમાં ભળી જાય.

૨૦. જો અમને સાચો થઈને કોઈ મન સોંપે તેને તો અમે અનાદિમુક્તની પંક્તિમાં ભેળવી દઈએ.

૨૧. અમે તો શ્રીજીમહારાજના સંકલ્પથી જીવોને મૂર્તિનું સુખ પમાડીએ છીએ.

૨૨. અમે જીવોને મૂર્તિના સુખમાં રાખવા આવ્યા છીએ પણ અમે કોઈના બાપ, દીકરા કે સંબંધી નથી, અમે તો અનાદિમુક્ત જ છીએ.

૨૩. અમને તો એમ છે કે જો કોઈ હાથ જોડે એટલામાં ન્યાલ કરી મૂર્તિના સુખમાં પહોંચાડી દઈએ.

૨૪. આ યજ્ઞની સુખડી જે કોઈ જમશે તેને વગર સાધને અમે આત્યંતિક મોક્ષ કરી મૂર્તિના સુખમાં રાખશું.

૨૫. અમે તો સૌને મૂર્તિમાં રાખવાનો સંકલ્પ કર્યો છે. અમારે તો સૌને મૂર્તિના સુખે સુખિયા કરવા છે. અમે તો આજ સુધી આજ કામ કર્યું છે. અમને બીજું કાંઈ આવડતું નથી.

૨૬. આ તમને છેલ્લો જોગ મળ્યો છે, આ જોગમાં કદાપિ કોઈ જીવરૂપ હશે તો તે પણ અનાદિ થઈ જશે.

૨૭. વિષયી અને પામરને પણ મૂર્તિમાં લઈ જવા છે તો મુમુક્ષુને લઈ જવા એમાં શું કહેવું?

૨૮. સંવત ૧૮૩૭થી મહારાજ અને મુક્ત પ્રગટ થયા છે ત્યારથી આત્યંતિક કલ્યાણની શરદઋતુ બેઠી છે.

આજ હજૂરી પધાર્યા છે તે ઠેઠ મહારાજની મૂર્તિના સુખમાં લઈ જશે.

૨૯. આ મુક્તને દર્શને મોટા મોટા અવતારાદિક આવે છે, આ તો સાક્ષાત્ પુરૂષોત્તમ તુલ્ય એવા અનાદિમુક્ત તમને મળ્યા છે.

૩૦. આ મુક્ત શ્રીજીમહારાજના અવતાર છે. તે અનંત જીવોના કલ્યાણ સારુ મનુષ્યરૂપે દેખાય છે.

૩૧. આ વર્તમાનકાળમાં લાખો કરોડો જીવોને મહારાજની મૂર્તિના સુખમાં લઈ જઈએ છીએ.

૩૨. અમારે તો કોઈને બીજે જવા દેવા નથી. ઠેઠ અક્ષરધામમાં મહારાજની મૂર્તિમાં મુકી દેવા છે.

૩૩. અમારી દૃષ્ટિ તો એવી છે જે નજરે ચડે એટલામાં જીવોના કલ્યાણ કરીને મૂર્તિમાં મુકી દઈએ છીએ.

૩૪. મોટા મોટાએ આ મુક્તને પ્રમાણ કર્યા છે માટે કોઈ સંશય ન કરશો.

૩૫. શ્રીજીમહારાજ આ મુક્તમાં રહીને બોલે છે, જમે છે, જુએ છે, સર્વે ક્રિયા મહારાજ પોતે કરે છે અને મુક્ત તો સદાય મૂર્તિના સુખમાંજ રહે છે પણ સુખ વિના બીજું જોતા નથી.

૩૬. લાખ-કરોડ જન્મ ધરો અને સત્સંગ કરો પણ આ જોગ એક મિનિટનો પણ તેથી અધિક છે કેમ જે એક મિનિટમાં અનાદિ કરી મૂકે.

૩૭. આજથી તમારા ગુન્હા માફ છે એમ અમે મહારાજ પાસે માંગીએ છીએ. મોટાની નજર એવી છે કે જીવને કોઈ પણ પ્રકારે ઉગારવો.

૩૮. મહારાજે અનંત જન્મના પાપ બાળવાનો સંકલ્પ કર્યો છે તેથી જીવના મોક્ષ થાય છે. નહિ તો અનંત જન્મના અપરાધ કોણ માફ કરે?

૩૯. અનાદિમુક્ત તો મૂર્તિમાં રહ્યા થકા ખંપાળી નાંખીને જીવને ઢસરડી લે છે. તે ખંપાળી એટલે કૃપાસાધ્ય.

૪૦. આ તો શ્રીજીમહારાજની ઈચ્છાથી દેહ દેખાય છે અને શ્રીજીનો સંકલ્પ છે તેથી વાતો કરીએ છીએ, કેમ જે તમને સર્વેને અમારા જેવા કરવા છે.

૪૧. જેમ બાળકનું પ્રારબ્ધ તેના માવતર છે તેમ તમારા પ્રારબ્ધ શ્રીજીમહારાજ અને અમે છીએ તે રક્ષા કરીશું અને જયાં પહોંચવાનું છે ત્યાં અમે પહોંચાડીશું.

૪૨. આ મુક્ત તમારા ભેળા મનુષ્યરૂપે થઈને બેઠા છે તે ઓળખી શકાય નહિ. અમારે દર્શને, સ્પર્શે, અને

સંકલ્પે કરીને અનંત જીવનો ઉધ્ધાર થાય છે.

૪૩. ધક્કો મારીને પણ જીવને મહારાજની મૂર્તિમાં પહોંચાડી દઈએ એવો આ મુક્તનો ધક્કો છે. તે કોઈને રહેવા દેવા નથી. સર્વેને મૂર્તિમાં રાખવા છે.તમને માયિક દેહમાં રહીને શું માંગતા આવડે? દિવ્ય સુખ તો માયિક દેહથી ને માયિક બુધ્ધિથી માંગી લેવાય એવું નથી. એ તો અમે પોતે આપી દઈશું.

૪૪. જેમ અમને પોતપોતાના ગામમાં લઈ જવાની તમને તાણ છે તેમ અમને અમારા ભેળા મૂર્તિમાં લઈ જવાની તાણ છે માટે લઈ જશું.

૪૫. અમે કચ્છમાંજ રહ્યા છીએ એમ ન જાણશો. અમે તો શ્રીજીમહારાજના ભેળા સત્સંગમાં મૂર્તિમાન રહ્યા છીએ.

૪૬. આ સભાને દિવ્ય જાણે તેને અક્ષરધામનું સુખ છે તે દેહ છતે આવે ને સાક્ષાત્ મહારાજની મૂર્તિમાં જોડી દે એવા આ મુક્ત છે.

૪૭. કલ્યાણ ખપતુ હોય તો અમારી પાસે છે. બાકી માયિક વસ્તુ જે કાળી વસ્તુ તે અમારી ઝોળીમાં નથી.

૪૮. આ પ્રાપ્તિ મોટી છે, અતિશય મોટી છે અને કિયા

સ્થાનમાં બેઠા છીએ અને કોનો જોગ થયો છે? આ તો અનાદિમુક્ત સાક્ષાત્ મળ્યા છે. આ ટાણે જે જે અમારી નજરે ચડયા તે સર્વેને અમે અક્ષરધામમાં લઈ જશું.

૪૯. મૂર્તિમાં રસબસ રહેવું તે અનુભવજ્ઞાન. એ અનુભવજ્ઞાન આપનારા સત્સંગમાં બિરાજે છે અને શ્રીજીમહારાજની મૂર્તિમાં ખેંચી જાય છે, તે આ બેઠા.

૫૦. અમારો કોણ નિયંતા છે? બ્રહ્મા નથી, વૈરાજ નથી, પ્રકૃતિપુરુષ નથી, મહાકાળ નથી, વાસુદેવબ્રહ્મ નથી, અક્ષર નથી, એક શ્રીજીમહારાજ જ નિયંતા છે એવડા મોટા અમે છીએ અને એવડા લાંબા અમારા હાથ છે એ અક્ષરધામમાંથી અમે તમને ખણવા (લેવા) આવ્યા છીએ.

૫૧. અક્ષરમાં જવું છે એમ જે કહે છે તે પણ આ સુખમાં રહી ગયા, રહી ગયા, રહી ગયા. એ મૂર્તિનું સુખ મહારાજને કહીને તમને અપાવશું. શ્રીજીમહારાજ અમારું નહિ માને? જરૂર માનશે જ.

૫૨. દેહધારી મુંઝાતા હોય તેનું પણ સારું થાય એવો આપણે સંકલ્પ કરવો. અમારે તો જીવને ઠેઠ મહારાજની મૂર્તિમાં મુકવા છે. બીજો કોઈ અર્થ સારવો નથી. કેટલાક

સમજયા વિના ખોટનો વેપાર કરી બેસે (દ્રોહ કરે) એવાય હોય. એવા જીવનું પણ આપણે તો સારૂં થાય એવો સંકલ્પ કરવો, કારણ કે આપણો અહિંસાધર્મ છે.

૫૩. અનંતમુક્ત સુખમાં રમુજ કરે છે. સળંગ મૂર્તિમાં રહયા થકા સુખ ભોગવે છે. આવી પ્રાપ્તિ મહાપ્રભુની કૃપાથી જ થાય. તમને પણ અનાદિમુક્ત કરી મેલ્યા છે અને બીજા જીવોના ઉધ્ધાર કરો એવા કર્યા છે. એમાં અમે ખોટું કહેતા હોઈએ તો તેનો ગુનો અમને છે.

૫૪. સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામી અનાદિમુક્ત હતા. અને શ્રીજીમહારાજની મરજીથી આવેલા હતા. તેમણે આ મુક્ત ઓળખાવ્યા છે. જેના ભાગ્યમાં ખામી હશે તે આ મુક્તને ઓળખતા નથી.

૫૫. અમારો તો એવો સિદ્ધાંત છે જે અધમ જેવા જીવ હોય તેને પણ મૂર્તિમાં મૂકી દેવા છે.

૫૬. સ્થિતિવાળા પોતે સુખિયા રહે, પણ આમ કરોડો જીવને મૂર્તિના સુખમાં પહોંચાડી ન શકે. આતો શ્રીજીમહારાજના સંકલ્પથી આવું સુગમ છે.

૫૭. જ્યારે અનંત જન્મનાં સુકૃત ઉદય થાય છે ત્યારે અમારી ઓળખાણ થાય છે.

# ૧૧. પ્રસન્નતાના પુષ્પો

## શ્રીમુખવાણી

* ભગવાનનો અને સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે અને સંતને અર્થે શું ન થાય? એમ કહી શ્રીજીમહારાજે ગામ ડડુસરના રજપુત ગલુજી તથા ધરમપુરવાળા કુશળકુંવરબાઈ તથા પર્વતભાઈ તથા રાજબાઈ તથા જીવુબાઈ, લાડુબાઈ તથા મોટા રામબાઈ તથા દાદોખાચર તથા માંચોભક્ત તથા મુળજી બ્રહ્મચારી તથા ભુજવાળા લાધીબાઈ અને માતાજી તથા મુક્તાનંદ સ્વામી તથા વાળાક દેશના આહીર પટેલ સામત તથા ગામ માનકુવાના મુળજી તથા કૃષ્ણજી તથા ગુંદાળીના બે કાઠી તેમની વાત કરી *(લોયા-૩)*.
* મયારામ ભટ્ટ, મુળજી બ્રહ્મચારી તથા નિષ્કુળાનંદ સ્વામી તેને સ્ત્રી-ધનાદિક પદાર્થનો યોગ થાય તો પણ એ ડગે નહિ... આ બ્રહ્માનંદ સ્વામી યતિ છે. એમ સર્વે સભાને સાંભળતા બ્રહ્માનંદ સ્વામીની શ્રીજીમહારાજે યતિપણાની બહુ પ્રશંસા કરી... અમને નિષ્કામી ભક્ત

હોય તેના હાથની જ કરી સેવા ગમે છે, માટે આ મુળજી બ્રહ્મચારી છે તે અતિ દઢ નિષ્કામી છે તેથી અમને એની કરેલી સેવા અતિશે ગમે છે... માન વિના કેવળ ભગવાનની પ્રસન્નતાને અર્થે ભગવાનની ભક્તિતો રતનજી તથા મીયાંજી જેવા કોઈક જ કરતા હશે... 'વંદુ સહજાનંદ રસરૂપ અનુપમ સારને રે લોલ' આ પ્રેમાનંદ સ્વામીના કીર્તનને સાંભળીને તો અમારા મનમાં એમ વિચાર થયો જે આવી રીતે એને ભગવાની મૂર્તિનું ચિંતવન છે માટે એ સાધુને તો ઉઠીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ *(ગઢડા અંત્ય-૨૬, જેતલપુર-૨, ગઢડા મધ્ય-૩૩,૪૧,૪૮).*

* પોતાના ઈષ્ટદેવ આજ્ઞા કરે તો છેટે જઈને રહે તો પણ રાજી થકો રહે પણ કોઈ રીતે અંતઃકરણમાં ખેદ પામે નહિ અને આજ્ઞાને વિષે જ પરમ આનંદ માને એ દાસત્ત્વ ભક્તિની ઉત્તમ દશા છે. એવા દાસત્ત્વ ભક્તિવાળા તો આજ ગોપાળાનંદસ્વામી છે અને બીજા મુક્તાનંદસ્વામી છે. *(ગઢડા મધ્ય-૬૨).*

# શ્રી અબજવાણી

૧. જેમ જનની ઓસડ ખાઈને બાળકને નિરોગી કરે છે, તેવી રીતે ગોપાળાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી, નિષ્કુળાનંદસ્વામી, એ આદિક મોટા સંતોએ તપ કરીને, ભક્તિ કરીને મુમુક્ષુને બળિયા કર્યા અને મોટા મુક્તોને રાજી કરવાની તથા મહારાજને પામવાની રીત દેખાડી. એ મહામુક્તો તો મૂર્તિમાં રસબસ રહેતા અને સદાય એ સુખ ભોગવતા. તો પણ આપણા મોક્ષને અર્થે એમણે સર્વે કરી દેખાડ્યું.

૨. અમારી લખાઈવાડીમાં સદ્ સ્વામીશ્રી નિર્ગુણદાસજી ન્હાતા હતા. તે પાણી થાળામાં જતું હતું. તેને લક્ષ્મીરામભાઈ ખોબે ખોબે લઈને માથે ચઢાવતા હતા. તે જોઈને સ્વામીશ્રી બોલ્યા જે આ શું કરો છો? ત્યારે લક્ષ્મીરામભાઈ બોલ્યા જે ''મારે ઘેર બેઠાં સર્વે તીર્થ આજ થઈ રહ્યા.'' એવો મહિમા મોટાનો જાણતા.

૩. શ્રીજીમહારાજ જીવોને તેડવા જાય તેમના ભેળા મોટા પણ જાય તે ઉપર નિર્ગુણદાસજી સ્વામી વૃષપુરના અણદાભક્તને મહારાજ ભેળા તેડવા આવ્યા હતા એ વાત કરી.

૪. અડતાલીસ (સં. ૧૯૪૮)ની સાલમાં નિર્ગુણદાસ સ્વામીને મંદવાડને લીધે અમે (બાપાશ્રી) અમદાવાદ પધાર્યા ત્યારે નિર્ગુણદાસ સ્વામીએ કહ્યું જે, ''જુઓ, અમારા જીવનપ્રાણ આવ્યા. તમે આવ્યા તેથી બહુ શાંતિ થઈ ને હવે અમારો મંદવાડ મટી જશે.'' એમ મોટાનો મહિમા મોટા જાણે.

૫. નિર્ગુણદાસજી સ્વામી બાપાશ્રીને કહે, ''અનંત સાધુ આપણા ભેગા છે એવા આપણે બે છીએ, તો પણ આ લોકનું રાખવું પડે છે કારણ કે શ્રીજીમહારાજે ધર્મપ્રબંધ બાંધ્યો છે તે મોટા મુક્ત પાળે તો જ સાધનિક પાળે'' એમ બોલ્યા.

૬. અ.મુ. સદ્.શ્રી ગોપાળાનંદ સ્વામીએ લખ્યું છે જે મને મહારાજે એમ કહ્યું જે મારું પુરુષોત્તમપણું નહિ પ્રવર્તાવો ત્યાં સુધી તમને આ દેહમાં રાખીશું. તથા

અ.મુ. સદ્.શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે અમને તો સ્વામિનારાયણ ભગવાને કાનમાં છાના મંત્ર ફૂંક્યા છે તેથી મહારાજને જેવા છે તેવા કહીશું. વળી, નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે ''ધન્ય ધન્ય આ અવતારને રે, જોવા રાખી નહિ જોડ'' તથા ''અષાઢી મેઘે આવી કર્યા રે, ઝાઝા બીજા ઝાકળ.'' એવી રીતે સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામી વાતો કરતા તેથી તેમને ઉપાધિ બહુ થતી. તેથી તેમને અમદાવાદ મંદિરમાંથી કાઢી મૂકવાનો ઠરાવ કર્યો હતો. પણ શ્રીજીમહારાજે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને રાત્રે દર્શન આપીને કહ્યું જે, ''તેમને તો અમોએ જીવના ઉદ્ધારને અર્થે ને અમારો મહિમા તથા ઉપાસના સમજાવવા માટે મોકલ્યા છે. એ તો અમારી મૂર્તિમાં રહેલા અનાદિમુક્ત છે અને અમારી ઈચ્છાથી અમારી મૂર્તિમાં રહ્યા થકા અહીં દેખાય છે માટે એમને આ દેશમાંથી જવા દેશો નહિ.''

૭. એક વખત મહારાજના હજૂરી પાર્ષદ ભગુજીએ સભામાં કહ્યું હતુ કે હું આ નિર્ગુણદાસજી સ્વામીની વાતો સાંભળું છું ત્યારે મોટા સદ્ગુરુ નિત્યાનંદ સ્વામી જેવા

સમર્થ મુક્તોનો જેમ સભામાં દાબ પડતો તેમ આ સ્વામીશ્રીનો પણ એવો જ ભાર પડે છે.

૮. સ્વામી નિર્ગુણદાસજી કેવા ! સ્વામી હરિનારાયણદાસજી કેવા ! જાણે બ્રહ્મની મૂર્તિઓ ઊભી હોય ને શું!

૯. સદ્ શ્રી નિર્ગુણદાસજી સ્વામીએ શ્રી અચ્યુતદાસજી સ્વામીને પૂછ્યું જે તમે કેટલા વર્ષે અમદાવાદ સમૈયે આવ્યા? ત્યારે તેમણે કહ્યું જે તેર વર્ષ થયા. ત્યારે સ્વામી બોલ્યા જે ઘણાં વર્ષે આવ્યા. ત્યારે સ્વામી અચ્યુતદાસજી બોલ્યા જે સ્વામી, તમારા જેવા મોટાના પ્રતાપે કરીને નાનપણથી મારે આવરણ ટળી ગયા છે. બધા મંદિરોમાં સભાઓ થાય છે ને વાતોચીતો થાય છે તે સર્વે હું દેખું છું ને સાંભળું છું.

૧૦ ભુજમાં અચ્યુતદાસજીસ્વામી વાડીમાં કોટ કરતાં હતા, ત્યાં પત્થર આઘો પાછો મુકાઈ ગયો ત્યાં ગોવિંદાનંદ બ્રહ્મચારી ન્હાવા આવ્યા હતા તે બોલ્યા જે સ્વામી, પત્થર બરાબર સરખો બેઠો નથી. પછી સ્વામી બોલ્યા

જે પહાણો તો બરાબર કરશું, પણ તમે ઠાકોરજીના વાઘા અવળા પહેરાવ્યા છે તે સવળા પહેરાવો.

૧૧. એક દિવસ ભુજના મંદિરમાં રોટલા કરતાં કરતાં અચ્યુતદાસજી સ્વામીને સમાધિ થઈ ને તાવડીમાં રોટલો નાખ્યો તે રોટલા ઉપર હાથ રહી ગયો તે રોટલો બળી ગયો અને હાથ દાઝવા લાગ્યો. એવામાં અમે મંદિરમાં જઈને સ્વામી રઘુવીરચરણદાસજીને કહ્યું જે સ્વામીને સમાધિ થઈ ગઈ છે ને હાથ બળે છે માટે ઝટ જઈને હાથ ઉપાડી લો.

૧૨. આ વૃષપુર ગામનાં નાના રત્ના ભક્તે દેહ મુક્યો તે વખતે આખી પૃથ્વીમાં મહારાજ અને મુક્ત ભર્યા છે એવું ભુજમાં અચ્યુતદાસજી સ્વામીને દેખાયું.

૧૩. સાધુને કોઈ પ્રકારનું માન કે મમત્વ ન કરવો. અમદાવાદ, મૂળી કે ભુજ મારું છે એવી સમજણ ન રાખવી. તે ઉપર દૃષ્ટાંત દીધું જે સ્વામી શ્રી અક્ષરજીવનદાસજીને ગાદી તકીઓ આપવા માંડ્યો પણ લીધો નહિ અને કહ્યું જે બહુ આગ્રહ કરશો તો, આ

ભુજ સ્થાન મેલીને બીજા દેશમાં જઈને રહીશ.

૧૪. બંદરાના નારાણજીએ સ્વામી અક્ષરજીવનદાસજીને જારના છોડ માત્રને હાથ દેવરાવ્યા તે એમ જાણીને કે ખડને ને દાણાને જે જમશે તે ઢોરનો ને માણસનો મોક્ષ થશે.

૧૫. આ ધનબાઈ ડોશી (ધનબા ફઈબા) ખાવાપીવા આપે છે અને કથા સંભળાવે છે માટે તેના ધન્ય ભાગ્ય છે અને જે હેતે કરીને સાંભળે છે તેના પણ ધન્ય ભાગ્ય.

૧૬. રામપરના ધનબાઈ (ફઈબા)ના ભાઈ દેવશી ભક્ત ભોળા હતા તે બીજા હરિભક્તોને શ્રીજીમહારાજની વાતો કરતા, તે જોઈને કુસંગીઓ મશ્કરીમાં હસે ત્યારે તે ભક્ત બોલે જે જુઓ આ ભક્તો વાતોમાં કેવું સમજે છે અને કેવો મહિમા છે! તે વાતો સાંભળીને રાજી થાય છે એવા વિશ્વાસુ હતા તે એમને કુસંગીના દોષ દેખવામાં આવ્યા નહિ.

૧૭. ઉત્સવ, સમૈયા, મંદિરો એ આદિક કામ આ સંત (ઈશ્વરચરણદાસજી તથા વૃંદાવનદાસજી સ્વામી), કરતા ન જણાય પણ જે કામ આ સંત કરે તે બીજાથી ન

થાય.

૧૮. સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઘનશ્યામજીવનદાસજી ઉપર અતિ હેત જણાવીને બાપાશ્રી બોલ્યા, ''આવા સાધુ અક્ષરકોટી સુધી ક્યાંય નથી. એથી પરના આ સાધુ છે.''

૧૯. બાપાશ્રીએ સ્વામી શ્વેતવૈકુંઠદાસજી સ્વામીને કહ્યું જે આ અમારા પુરાણી. અને સ્વામી ઈશ્વરચરણદાસજીનો હાથ ઝાલીને કહ્યું જે આ અમારા તાબેદાર. અને સ્વામી વૃંદાવનદાસજીને કહ્યું જે આ અમારા ગુરૂ.

૨૦. જેવા સદ્ શ્રી ગોપાળાનંદ સ્વામી તેવા જ સ્વામી નિર્ગુણદાસજી. તે અમારા ગુરુ હતા. એ સ્વામીએ આ ઈશ્વરબાવાને મેળવી દીધા એટલે અમને ઓળખાવ્યા. પછી ઈશ્વરચરણદાસજી સ્વામીનો હાથ ઝાલીને બોલ્યા જે ''સ્વામી ! ન્યાલ કર્યો તે તમે કચ્છમાં આવ્યા. સાજુ બ્રહ્માંડ ફરી આવો તોય આવા સંત ક્યાંય ન મળે. આ સંતના દર્શન પણ દુર્લભ છે. આ સંત સાંભરે તો મૂર્તિ સાંભરે.''

૨૧. જેવી ગોપાળાનંદ સ્વામીની સ્થિતિ, તેવી જ

નિર્ગુણદાસજી સ્વામીની ! અને તેવી જ તેમના આ ચેલા સ્વામી ઈશ્વરચરણદાસજીની ! એવા મૂર્તિના સુખે સુખિયા થાવું.

૨૨. આ તો પ્રગટ શાસ્ત્ર, પ્રગટ મહારાજ, પ્રગટ સંત, પ્રગટ સભા, કલ્યાણ પણ પ્રગટ. તમે પ્રગટ પ્રતાપ બહુ જણાવ્યો એમ કહી સ્વામી વૃંદાવનદાસજી તથા ઈશ્વરચરણદાસજી પર અતિ પ્રસન્નતા જણાવી.

૨૩. સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઘનશ્યામજીવનદાસજી સામું જોઈને બીજા સંતોને કહ્યું જે આ અમારા મોટા સંત, જુઓને ! મૂર્તિમાં સદાય ગુલતાન રહે છે. તમે સર્વે આવા થજો.

૨૪. આ સદગુરુ, આ પુરાણી તથા આ સંત (સદ્ શ્રી ઈશ્વરચરણદાસજી, સદ્ શ્રી વૃંદાવનદાસજી, મુક્તવલ્લભદાસજી, હરિજીવનદાસજી તથા ધર્મકિશોરદાસજી આદિ સંતો સભામાં વિરાજમાન હતા) રાત અને દિવસ મહારાજને રાજી કરવા તત્પર રહે છે. અનેક જીવને અભયદાન આપી મૂર્તિના સુખમાં

મૂકી દે છે. નિત્ય નવા બ્રહ્મયજ્ઞ કરે છે, અમૃતના મેહ વરસાવે છે. કંઈકને ન્યાલ કરે છે. એમનો દિવ્યભાવ આવે તો કાંઈનું કાંઈ કામ થઈ જાય.

૨૫. સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે તમને તો અનેકને મૂર્તિના સુખભોક્તા કરો એવા કરીશું ને ભેળા રાખીશું. એમ કહીને અતિ પ્રસન્નતા જણાવી કહ્યું ગરીબને ઝાઝું સુખ દઈશું. આ તો દિવ્ય સેવા, દિવ્ય મુક્ત, દિવ્ય મહારાજ સર્વે સાથે મળ્યું છે.

૨૬. મૂળીમાં સાધુ બાળકૃષ્ણદાસજી બહુ મોટા સાધુ છે અને ત્રણે અવસ્થામાં મૂર્તિમાં રહે છે ને સર્વેને દિવ્ય જાણે છે ને સર્વેનો ગુણ લે છે. અવગુણ કોઈનો લેતા નથી અને ધ્યાન ભજન કરે છે.

૨૭. વિ.સં. ૧૯૭૨ના ચૈત્ર વદ ૧૦ના રોજ છપૈયામાં શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ પધરાવી બાપાશ્રી સંઘે સહિત મૂળી પધાર્યા ત્યારે પચાસ માણસને કોલેરા થયેલો હતો તેમને સદ્ શ્રી હરિનારાયણદાસજી સ્વામીએ બાર મણ દહીં અને વાંટાવદરના ભૂરાભાઈએ

બે ગાડા તડબૂચ અને આઠ મણ દાડમ મંગાવીને સર્વેને જમાડ્યા તેથી બાપાશ્રી રાજી થઈ બોલ્યા, ''તમે કર્યુ એવું તો કોઈ મંદિરમાં કોઈ પણ કરી શકે નહીં. એવું કર્યુ જે બધાને સાચવ્યા.''

૨૮. બ્રહ્મચારી નિર્ગુણાનંદજી જેવા આ ચોવીસ મંદિરમાં એક તો ગોતી લાવો ! સાજુ બ્રહ્માંડ ફરી આવો તો પણ બ્રહ્મચારી નિર્ગુણાનંદજી જેવા પુરુષ કયાંય ન મળે, વાતોના ધડાકા કરતા આવે, કોઈની પરવા રાખતા નહિ. હવે એ ગુણ પુરાણી કેશવપ્રિયદાસજીમાં આવે એવો સંકલ્પ કરીએ છીએ જેથી કચ્છના હરિજનો સુખી રહે.

૨૯. બાપાશ્રીએ પુરાણી કેશવપ્રિયદાસજીને કહ્યું, ''આપણે તો અખંડ મૂર્તિમાં ભેગા જ છીએ. કયારેય જુદા નથી.''

૩૦. પુરાણી કેશવપ્રિયદાસજીને ચંદન ચર્ચતા કહ્યું જે, પુરાણી મહારાજ ! તમે તો ભારે કામ કરી લીધું ! મૂર્તિમાં રહ્યા થકા કથા કરો છો તેથી મહારાજ તથા સંત હરિભક્તો સર્વે ઘણા રાજી થાય છે.

૩૧. આ પુરાણી કેશવપ્રિયદાસજી શ્રીજીમહારાજને સુખે સુખિયા છે. અર્જુને મચ્છ વેંધવા એક વૃત્તિ કરી હતી

તેમ મૂર્તિ આકારે વૃત્તિ તેમણે કરી મેલી છે. આવા સાધુને સેવજો. આ સાધુ ખરા છે. કારણ મૂર્તિને વળગી પડ્યા છે અને બ્રહ્મચારી નિર્ગુણાનંદજી જેવા નિર્ગુણ છે. તેને મારૂં-તારૂં નથી તેમ કોઈ પ્રકારનું મમત્વ નથી. અમારા સારૂં અમદાવાદથી અહીં આવીને બેઠા છે. અમે પણ આવા સાધુને અખંડ સંભારીયે છીએ.

૩૨. સોમચંદભાઈને આગળ બોલાવી કહ્યું, ''આ અમારા ગરીબડા સેવક'' એમ કહીને ચંદન ચર્ચ્યું.

૩૩. શિવલાલનો હાથ ઝાલી વર્તમાન ધરાવી તેના ગુના માફ કર્યા અને તેનું કાંડું ઝાલીને બોલ્યા જે અનંતકોટી બ્રહ્માંડમાં સ્વામિનારાયણ ભગવાન વિના આમ ગુન્હા માફ કરનાર કોઈ છે? પછી સોમચંદભાઈની પ્રશંસા કરી જે આ પંડયો અમે પ્રમાણ કર્યો છે. તે ઠાવકો પંડયો છે. એમ કહીને શિવલાલને કહ્યું જે આ સોમચંદભાઈનો ને લાલુભાઈનો જોગ કરજે અને મહારાજની આજ્ઞામાં રહેજે.

૩૪. આ લાલુભાઈ મહામુક્ત છે; રત્ન છે. ક્યાં સિંધ ને ક્યાં આવા મુક્ત ! બે દાણા પ્રસાદી જડે તોય સૌને ઘરમાં

આપે ને કહે જે આ પ્રસાદી અહીંની નથી. અક્ષરધામની છે.

૩૫. બાપાશ્રી રામપરના દેવરાજભાઈને કહે, ‘‘તમે તો મારી જોડ છો !’’ એમ કહીને હાર પહેરાવીને બહુ રાજી થઈને માથે હાથ મૂક્યા ને સંતોને આજ્ઞા કરી જે એમને માથે હાથ ફેરવો, ત્યારે સર્વેએ હાથ ફેરવ્યા તેથી તેમણે રાજી થઈ દંડવત્ કર્યા. એવી રીતે નારણપરના ખીમજીભાઈએ પ્રાર્થના કરી ભૂલ માફ કરાવી. ત્યારે તેમને બાપાશ્રીએ કહ્યું જે સદાય આવોને આવો દિવ્યભાવ રાખજો.

૩૬. દહીંસરાના ખીમજીભાઈ તેમના પિતા મુક્તરાજ કેશરાબાપા પાસે પોતે બાપાશ્રી જોડે છપૈયા ગયા એ વિસ્તારીને વાત કરતા હતા ત્યારે જે જે ભૂલી જાય તે કેશરાબાપા સંભારી આપે ત્યારે ખીમજીભાઈ બોલ્યા જે બાપા તમે તો ભેળા હતા નહીં અને વાત ક્યાંથી જાણો છો? પછી કેશરાબાપા બોલ્યા જે સં.૧૯૫૬ની સાલમાં બાપાશ્રી અને તમે છપૈયા ગયા ત્યારે મારે ભેળું

આવવું હતું. ત્યારે બાપાશ્રીએ મને કહ્યું જે તમારો દેહ ખમશે નહિ માટે તમે અહીં રહો. તેથી હું ઉદાસ થઈ ગયો પછી બાપાશ્રીએ કહ્યું જે તમે અહીં બેઠે, અમે જયાં જઈશું ને દર્શન કરીશું ને જે લીલા કરીશું તે સર્વે દેખશો. ત્યારથી મારે આવરણ ટળી ગયા છે અને બાપાશ્રીએ નિરાવરણ દૃષ્ટિ આપી છે, તેથી ઘર બેઠા છપૈયા આદિ ધામોના તથા બાપાશ્રી વિચરણના દર્શન થાય છે, એવો બાપાશ્રીનો પ્રતાપ છે.

૩૭. ઉપરદળના રામજીભાઈ અમારે દર્શને આવે ત્યારે ફળીયામાં જામફળી, લીંબુડીને દંડવત્ કરે, બાથમાં લઈને મળે ને રોતા જાય અને એમ બોલે જે અહો ! તમે મોટા ભાગ્યવાળા અહીં પ્રગટ થઈને રહ્યા ને મારે જવું પડે છે. તે ઉપર બ્રહ્માએ વૃક્ષવેલીનો અવતાર માંગ્યો એ વાત કરીને કહ્યું જે મહારાજ ને મુક્તનો આવો જબરો મહિમા છે.

૩૮. આશાભાઈની પ્રશંસા કરીને કહ્યું જે આ બાપડો મારી સેવા બહુ કરે છે. ‘‘જેમ પર્વતભાઈના સેવક રાજાભાઈ

હતા તેમ આ અમારો રાજોભાઈ છે.'' એને ઊંઘ કે થાક નડતા નથી. મહિમા જાણ્યો હોય તેને દેહનો કારસો વેઠવો કઠણ ન પડે.

૩૯. આશાભાઈ તો મહિમાની મૂર્તિ છે. અમારી રાત-દિવસ સેવા કર્યા કરે. તેને ઊંઘ કે ઉજાગરો, ભૂખ કે થાકની ગણતરી નથી. હું વઢું કે વખાણું, બોલાવું કે ન બોલાવું રહેવાનું કહું કે જવાનું પણ ક્યારેય અકળાય નહિ. પૂરી ઊંઘ એણે કરી મેં જોઈ નથી. ઘરનું નાનું છોકરું બોલાવે તો ય કહે 'હાં બાપા!' એમ કહીને તરત ઉઠી જાય. વાડીમાં કામ હોય તો ત્યાં પહોંચી જાય. મંદિરમાં સાધુ કે હરિભક્ત સર્વે તેમની સેવાએ રાજી રાજી થઈ જાય. આ આશાભાઈ અને ભૂજના મોતીભાઈ બંને મારા કામમાં બહુ આવે છે. અહીંના હીરજી તથા જાદવજી પણ મારી સેવા ઘણી કરે છે. અમારા કાનજી અને મનજી તો બેસવાનું કહીએ તો બેસે ને ઉઠવાનું કહીએ તો ઉઠે. આ નાનો માવજી તથા જાદવો અને હરજી વગેરે મહિમાવાળા છે.બધાય સેવા કરનાર ખરા પણ આશોભાઈ તો આશોભાઈ.

૪૦. આ બહેચરભાઈના બાપ શંકરભાઈ અમને ઓળખતા નહોતા તે વખતે બહેચરભાઈ અહીં આવતા તેમને ઘણું લડતા અને અમને ઓળખ્યા તો હવે પોતે પણ આવે છે. પછી શંકરભાઈ બોલ્યા જે બાપા! હાથ ઝાલ્યો છે તે મુકશો નહિ હો... ત્યારે બાપાશ્રી બોલ્યા, ‘‘સારૂં ડોસા, નહીં મુકીએ.’’

૪૧. બાપાશ્રીના મંદવાડનો કાગળ આવવાથી સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી આદિ અમદાવાદના તથા મૂળીના પુરાણી ધર્મકિશોરદાસજી, શ્વેતવૈકુંઠદાસજી, દેવજીવનદાસજી આદિ ઘણા સંતો તથા શેઠ બળદેવભાઈ, ડૉ. મણિલાલભાઈ, ડૉ. નાગરદાસભાઈ, માસ્તર કેશવલાલભાઈ, આશાભાઈ, શંકરભાઈ, બાલુભાઈ, જેઠાભાઈ, બહેચરભાઈ વગેરે અમદાવાદ, ઝાલાવાડ, પાટડી, સુરત, કરાંચી આદિ દેશદેશાંતરના હરિજનો દર્શને ગયા. બાપાશ્રીના શરીરે મંદવાડ ઘણો હતો તે જોઈ સૌ ઉદાસ થઈ ગયા. ત્યારે બાપાશ્રીએ હિંમત આપીને કહ્યું જે મંદવાડ જતો રહેશે. આ મંદવાડ નિમિત્તરૂપ છે. ભુજના સંતો બધા આવી

ગયા. સર્વેને દર્શન દેવા આ મંદવાડ છે.

૪૨. ડૉ. નાગરદાસભાઈનો વિરમગામથી કાગળ આવેલ હતો જે મારી ઈસ્પિતાલમાં સવાર-સાંજ દર્દીનો મેળો ભરાય છે. એ સમયે બાપાશ્રીએ નાગરદાસભાઈની પ્રસંશા કરીને કહ્યું જે, ''એ બહુ હેતવાળા છે ને મહિમા જાણે છે અને તન-મન-ધનથી સત્સંગની સેવામાં તત્પર છે.''

૪૩. બાપાશ્રીએ ડૉ. નાગરદાસભાઈ તથા ડૉ. મણિલાલભાઈને કહ્યું જે, ''નારણપરના ધનજીભાઈના હરજીને ઘણો તાવ આવે છે. તેથી તેને એમ રહે જે હું આવા યજ્ઞમાં રહી જઈશ પણ તમે ધીરજ દેજો. આ લાલુભાઈને પણ સાથે તેડી જજો. હરજી તો મહિમાવાળો બહુ છે તેથી લાલુભાઈ અને તમારા દર્શન થશે એટલે સાજો થઈ જશે.''

૪૪. નારણપરના ધનજીભાઈની પ્રશંસા કરીને કહ્યું જે આ બહુ શૂરવીર છે. જુઓને, કીર્તન બોલે છે ત્યારે હેત તો ઉભરાઈ જાય છે. નિયમ, નિશ્ચય અને પક્ષ ત્રણે માથા

સાટે. જાદવજીભાઈ એમના પિતા મહામુક્ત હતા. એમનું નામ એમણે રાખ્યું.

૪૫. નારણપરના ધનજીભાઈ તથા તેમના પુત્ર રામજીભાઈ, લાલજીભાઈ અને હરજીભાઈએ બાપાશ્રીની ચંદન-પુષ્પહારથી પૂજા કરી, દંડવત્ કર્યા અને પ્રાર્થના કરી જે બાપા ! અમે સૌ આપના બાળક છીએ. તમે અમારા ઉપર કૃપાદૃષ્ટિ રાખો છો તેવી ને તેવી રાખજો. ત્યારે બાપાશ્રી કહે, ''અમે સૌને અમારા જ માનીએ છીએ અને તમને સૌને મૂર્તિમાં રાખ્યા છે તે વાત ભૂલશો નહિ.''

૪૬. ધનજીભાઈ ખાટલામાં સૂતા-સૂતા હાથ જોડી પગે લાગી રહ્યા હતા. એ જોઈ એમના દીકરાએ પૂછ્યું, બાપા શું કરો છો? તો કહે, ''આ રહ્યા બાપાશ્રી. નદીના ઘરે નહાય. તેમને પગે લાગું છું.'' પછી તેમના દીકરા હરજીએ ખબર કાઢી તો બાપાશ્રી નદીએ નાહતા હતા. તેમને તેડી લાવી દર્શન કરાવ્યા. એ રીતે બાપાશ્રીએ ધનજીભાઈને નિરાવરણ કરી દીધા.

૪૭. ભુજથી વિઠ્ઠલભાઈ દવે તથા મગનભાઈ સોની દર્શને આવ્યા અને સાથે લીલી દ્રાક્ષ લાવેલા. તે દ્રાક્ષ બાપાશ્રીએ પાસે ઉભેલા નાના-મોટા હરિભક્તોને બબે દાણા પ્રસાદી આપીને કહ્યું જે આ વિઠ્ઠલભાઈ તથા મગનભાઈનો યજ્ઞ. પછી એક હરિભક્ત એમના છોકરાને તેડીને પગે લગાડવા ઉભેલ તે છોકરાને પોતે દ્રાક્ષનો દાણો મોઢામાં આપીને બોલ્યા જે આ અત્યારે નાનો બાળક છે પણ મોટો થશે ત્યારે બહુ બળીયો થશે.

૪૮. નાગજીભાઈ તથા ભૂરાભાઈ જેવા ઉત્તમ સ્થિતિવાળા તે તો મૂર્તિના સુખને ઢાંકીને વર્તે એવા છે, કોઈને જણાવે નહિ. પણ કરાંચીના આ લાલુભાઈ જેવા તો અમારા વિશ્વાસી. તેથી અમને કહે અને આનંદમાં ને આનંદમાં કોઈ સંત હરિભક્તને પણ કહે. માલણિયાદ, મેડા, મણિપરા, જોશીપરા આદિ ગામના હરિભક્તો મહિમાવાળા છે. ચતુરભાઈ જેવા તે તો સ્થિતિવાળા ને સુખિયા પણ કોઈને જણાવે નહિ. સરાવાળા મનસુખભાઈ તથા ભુજના ધનજીભાઈ, વાલજીભાઈ નાનાલાલભાઈ, લાલશંકરભાઈ, મોતીભાઈ,

વિઠ્ઠલભાઈ આદિક બળીયા બહુ. કરાંચીનો સંઘ તો બધોય વિશ્વાસી અને વચનમાં વર્તનારા. આ કચ્છ દેશના હરિભક્ત પણ મહિમા જાણી સેવા ઘણી કરે છે. સૌને મહારાજના રાજીપાની તાણ છે. અમે પણ તેમના હેત જોઈને ઘણા રાજી થઈએ છીએ.

૪૯. માથકવાળા અમીચંદભાઈ તથા તેમના પરિવારની પ્રશંસા કરી કહ્યું, ''એમણે અમને આખા ગામમાં મહિમા સમજી ફેરવ્યા.''

૫૦. ગોધાવીના માસ્તર જગન્નાથ તથા તેમના દિકરા મણિલાલ ખરેખરા પ્રેમી અને વિશ્વાસી. બન્નેને બાપાશ્રીએ ચંદન ચર્ચી હાર પહેરાવ્યા ને માથે હાથ મૂકી અતિ પ્રસન્નતા જણાવી.

૫૧. કરાંચી મંદિરના પાર્ષદ કુબેર ભક્ત પૂજા કરી દર્શને આવ્યા. તેના સામું જોઈને સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે બાપા ! આ આપણી સેવા સારી કરે છે. ત્યારે બાપાશ્રી કહે હા, એની સેવાને હું જાણું છું. મહારાજને સેવા ભક્તિ ગમે છે.

૫૨. અબડાસાના જીવા પટેલ આદિ હરિભક્તો પર પ્રસન્ન

થઈ બાપાશ્રી બોલ્યા, ‘‘દસ, વીસ, પેઢીની ભૂલ ઓળખીને શ્રીજીને શરણે થયા એમને ધન્ય છે. આવા મુમુક્ષુને શ્રીજીમહારાજ અને અમે અક્ષરધામમાં લઈ જઈશું.’’

૫૩. બાપાશ્રી બોલ્યા જે પ્રેમજી ! જાદવા ! આપણે કયા સ્થાનમાં છીએ? ત્યારે બાપાશ્રીના પુત્ર કાનજીભાઈ કહે બાપા ! આપણે મંદિરના ચોકમાં છીએ. ત્યારે બાપાશ્રી એમ બોલ્યા જે આપણે તો બધા અક્ષરધામમાં છીએ. આ મહારાજ અને અનંતમુક્તો રહ્યા.

૫૪. અશ્લાલીના કંકુબાએ જેતલપુરમાં સત્સંગીજીવનના દ્વિતિય પ્રકરણની પારાયણ સાત દિવસ કરાવી. છેલ્લે દિવસે કથાની સમાપ્તિ કરીને છત્રીએ ચરણારવિંદ પધરાવ્યા. ત્યાં બાપાશ્રીએ વર આપ્યો જે ‘‘આ છત્રીએ જે દર્શન કરશે તે સર્વેને અમે અક્ષરધામમાં લઈ જશું અને ઉપરથી ઉડીને પક્ષી જશે તેનો પણ મોક્ષ થશે.’’

૫૫. જ્યાં મહારાજ અને મુક્ત વિરાજમાન હોય તે સ્થાનમાં

ધ્યાન કરે તો મૂર્તિ સાક્ષાત્કાર દેખાય અને મહારાજે અને મુક્તોએ જયાં જયાં વિચરીને ઘણી લીલા કરી હોય તે સ્થાનમાં પણ મૂર્તિનો સાક્ષાત્કાર થાય.

૫૬. આ સભાની રજ લઈને કોઈ માથે ચડાવે તો તેના અનંત જન્મનાં પાપ બળી જાય. આ તો મૂર્તિના સુખમાં ઝીલનારા સંતો, તેમના દર્શન કયાંથી?

૫૭. બાપાશ્રી ભુજ મંદિરમાં દર્શને પધાર્યા અને બોલ્યા, ‘‘આવા મોટા મંદિર અને આવા સ્થાન છપૈયા સુધી જયાં જઈએ ત્યાં દેખાય છે. એ બધા સંતોના અને હરિભક્તોના દાખડા છે. એ સેવાએ કરીને અનેક અક્ષરધામમાં મહારાજની મૂર્તિના સુખભોક્તા થઈ ગયા છે. કેમજે આવા સ્થાનોમાં મહારાજે આત્યંતિક મોક્ષનું સદાવ્રત ચલાવ્યું છે.’’

૫૮. આ છત્રી (છતેડી) તથા આ સ્થાનના (છતેડીધામના), જે દેવ તથા મનુષ્યો દર્શન કરશે અને ઉપર થઈને પક્ષી ઉડીને જશે તે સર્વેનો અમે આત્યંતિક મોક્ષ કરીશું અને શ્રીજીમહારાજની મૂર્તિમાં લઈ જશું.

૫૯. આ તો ચમત્કારી સ્થાન, ચમત્કારી સભા એને લઈને હનુમાનજી પણ ચમત્કારી છે. આ ભીડભંજન હનુમાનજી સારંગપુરના હનુમાનજીની પેઠે કામ કરશે. કોઈને ભૂત-પ્રેતાદિકનું દુઃખ હશે તો મહારાજની ઈચ્છાથી નાશ કરશે. પણ એમ સમજજો કે આ સર્વે ચમત્કાર શ્રીજીમહારાજના પ્રતાપથી છે.

૬૦. અમે અદૃશ્ય થઈશું પછી પણ આ સ્થાનમાં દર્શન કરશે તેને આ સભા સાંભરી આવશે, અને ઘાટ-સંકલ્પ ટળી જશે અને ધ્યાન કરશે તેને મૂર્તિનું સુખ આવશે.

૬૧. હું જાઉં તેવો નથી, સત્સંગમાં અખંડ રહ્યો છું, મૂર્તિથી કયારેય જુદો રહેતો નથી. પણ તમે હવે આમ નહિ દેખો.

*(એમ કહી, બાપાશ્રીએ સૌના ઉપર પ્રસન્નતા જણાવી અને સં. ૧૯૮૪ના અષાઢ સુદ-૪ ના રાત્રે એક વાગ્યે અર્થાત્ પાંચમના આ લોકમાંથી મનુષ્યદેહ અદૃશ્ય કર્યું.)*

નોંધ